(૧૦) માણસજાતના લાભોને નાશ કરવા દેવો જે મહેનત કરે છે[૩] તે તે લાભો માટેની યજ્દોની શક્તિથી બળતી નથી, જે લાભો ભવિષ્યની હસ્તી સારૂ માણસજાત માટે ખાસ રાખવામાં આવ્યા છે; તેથી માણસો માટે દેવો જે ખરાબી કરવા ધારે તેમાં વધારે ભયંકર ખરાબી ત્યારે થાય જ્યારે માણસો દેવોથી ડરીને યજ્દોના રસ્તાથી દૂર જાય છે અને બુરાં થાય છે; અને સઘળી પેદાયશમાંના દીનને છોડનારાઓમાંથી અશોઇની વખાણ કરનારાઓ. તેઓ માટે વધુ સખ્ત થાય છે, તેઓની અશોઇની વખાણથી, જોકે ઘણા લોકો તેની વખાણ કરતા હોય. (૧૧) પેદાયશની અંદર **આર્મઇતિ** તથા **તરોમઇતિ**નાં આગળ વધવા વિષે, **આર્મઇતિએ** આદમજાતને અશોઇ દેખાડ્યો, અને **તરોમઇતિ** વિષે પણ માણસોએ તે બુરી **તરોમઇતિ**નાં જુઠ્ઠાંણાંને સાંભળવું; અને જે કોઇ બુરો હોય તે અશોઇથી જેટલું એક મેંઢું જે માણસ પાસેથી નાસી ગયું હોય[૪] તે દૂર જાય તેટલો તે દૂર છે.[૫] (૧૨) અને આ પણ કે, જેઓ ધબરાયલા હોય તેઓની કોશેશ કરવામાં

---

૧. જુઓ હા ૩૪મો, ફ. ૪.

૨. જુઓ હા ૩૪મો, ફ. ૭, લીં. ૧.

૩. જુઓ હા ૩૪મો, ફ. ૧૦, લીં. ૩જી. ગન્રાગ્ મઈનુગ્ને તેના સઘળા ગુનાહોમાં યજ્દો મારી હઠાવે છે.

૪. જુઓ હા ૩૪મો, ફ. ૯, લીં. ૩જી.

૫. જુઓ હા ૩૪મો, ફ. ૮, લીં. ૩જી.

સ્પેન્તા-આર્મઇતિ ખુરા મીનોને હરાવે છે,[૧] એક જોરાવર માણસ પડેલી પેદાયશને મારી હઠાવે છે તેમ, [૨] (એટલે કે) અશો જરથુશ્ત્ર જેને અહુરમજ્દે પેદા કર્યો છે, અને ઉર્વદ્દ્ તથા અમેર્દાદની શક્તિ[૩] જે કામોની કીંમત આપવામાં તથા પેદાયશોને તૈયાર કરવામાં ઘણી કામ આવે છે. (૧૩) દેવો તરફ અહુરમજ્દની વિરૂદ્ધતા વિષે[૪]; અને વધારે ઉંચા ઇન્સાફ સારૂ માણુસજાતનાં કામોની કીંમત આંકવા વિષે[૫], અને તેથી સારી પેદાયશને થતા મ્હોટા લાભ વિષે; અને કોઈ પણ શકમંદ હોય ત્યારે યજ્દોની યજશને કરવી જોઇએ. (૧૪) આ વિષે કે જ્યાં સ્પેન્ત-આર્મઇતિના મીનોની ભલી ખાહેશથી માણુસજાત ભલી દીન મેળવે છે, ત્યાં તેઓની મીનોઇ ખુશાલી[૬] પોતાની મરજીની શક્તિ સવાબનાં કામોમાં વાપરવાથી તેઓનું અંતઃકરણ પવિત્ર થાય છે. (૧૫) કાંઈ પણ ચીજના બદલાની ઇચ્છા વિષે, અને માણુસો બદલાની આશા રાખે તેથી મળતા મ્હોટા ફાયદા વિષે, અને યજ્દોનાં કામથી બદલો પોતાનો થાય છે; કારણ કે દીનમાં જણાવવામાં આવ્યું છે કે: "હું જે અહુરમજ્દ છું, તે તમારા દેશોના રાજાથી દુનિયામાં હું મારી મરજીથી ક્રશોગર્દ કરૂં છું[૭]."

(૧૬) અશોઇ ઉત્તમ ન્યામત છે.

બાબ ૩૪મો, વશર્-માન્સર્ નસ્ક.

(૧) બારમી ફ્રગર્દ, યસ્ન[૮], દીનથી પેદા થતા સારા વિચાર, સારા શબ્દો, તથા સારાં કામો વિષે છે; અને સારા વિચાર, સારા શબ્દો તથા સારાં કામોમાં દીનનાં રહેવા વિષે; અને જે કોઈ સારા વિચારો, જે કોઈ સારા શબ્દો, તથા જે કોઈ સારાં કામો ધરાવે છે તે અશોઇ અને અશોઇનો બદલો મેળવે છે. (૨) અને આ પણ કે, જે જરથુશ્ત્રનો સગો ન હોય તે ઉંચી તોખ્મથી જન્મ પામ્યો નથી, જે અશો ન હોય એવાં માબાપથી અવતર્યો હોય, તેમજ અશોઇથી પેદા થતા શબ્દથી જન્મ પામ્યો ન હોય.

(૩) આ પણ કહેલું છે કે: "મીનોઇ સાહેબો માટે તારે ખુલ્લાં મનની ખાહેશ અને તેઓનાં મનને નક્કી કરેલું ભલું ડહાપણ આપવાં જોઇએ,—તે દીન કે જે મેં તને જાહેર કરી છે તે—જેથી તે સર્વથી મ્હોટી, ઉત્તમ, અને સર્વથી વધુ ફાયદાવાળી જીંદગી[૯], જે ઢોરો માણુસો પાસેથી માંગે તે પાણી, ચારો તથા ભયથી બચાવ, એ છે[૧૦], અને જે

---

૧. જુઓ હા ૩૪મો, ફ. ૧૦, લીં. ૩જી.
૨. જુઓ હા ૩૪મો, ફ. ૮, લીં. ૨.
૩. જુઓ હા ૩૪મો, ફ. ૧૧, લીં. ૧.
૪. જુઓ હા ૩૪મો, ફ. ૧૧, લીં. ૩જી.
૫. જુઓ હા ૩૪મો, ફ. ૧૨, લીં. ૧.
૬. જુઓ યસ્ન હા ૩૪મો, ફ. ૧૩, લીં. ૨જી.
૭. એજ હાનો ફ. ૧૫, લીં. ૩જી.
૮. પહલવી યસ્ન હા ૩૫મો, ફ. ૪. તેને પહલવીમાં અહીં (હપ્તાન) યશ્ત કહેવામાં આવી છે.
૯. જુઓ હા ૩૫મો, ફ. ૯.
૧૦. જુઓ એજ હાનો ફ. ૧૧.

માણસો ઢોરો પાસેથી માંગે તે તેજ મુજબ ખોરાક અને કપડાં છે." (૪) આ પણ કે: "તે કે જે માણસો યઝ્દોને આપી શકે તે તેઓની મીલકત સંપૂર્ણ થાય તેથી છે; અને જે યઝ્દોએ માણસોને આપવું જોઇએ તે હમેશાં તેઓ માટે સારૂં છે." (૫) આ પણ કે: "તું કે જે અહુરમઝ્દ છે, તે યઝ્દોમાંથી આપે છે, અને તું કે જે ઝરથુશ્ત્ર છે તે સર્વથી સરસ પાદશાહી અને સાહેબીને બરાબર શીખવે છે."

(૬) આ પણ કહેવામાં આવ્યું છે કે: "કોઇએ પણ બુરાં કરેલાં કામો, ઓ સ્પીતામાન! કરવાં ન જોઈએ, જો કે તે જંગલમાં હોય, યા જ્યારે જાહેરાતથી દુર હોય, કારણ કે, અહુરમઝ્દ જે સઘળી ચીજો જુએ છે તેને તેની ખબર મળે છે, અને કાયદો આ છે કે જે પ્રમાણે હાડમંદ દુનિયામાનું કોઇપણ બુરૂં વિચારે છે, બોલે છે, અને કરે છે, તે પ્રમાણે તેની સજા મ્હોટી થાય છે." (૭) અને આ પણ કે સર્વથી સરસ ક્રિયા અને નમસ્કાર અશો માણસનાં છે.[૧]

(૮) સારી જીંદગીની ખાહેશ કરવા અને મેળવવા વિષે, એટલે કે તે બે રીતોથી બરાબર મેળવાય છે: એક, અશોઇથી, જેમાંથી સરદારી જાહેર થાય છે, એટલે કે ભલાં કામોથી; અને એક, અશોઇની મદદથી[૨], તે છે કે જેમાંથી એમ જણાતું નથી કે તે બુરાં કામોથી થયું છે. (૯) આ વિષે કે: "ભલાઇ સચ્ચાઇ ઉપર સત્તા ધરાવતી હોવી જોઇએ, અને સચ્ચાઇ જીભ ઉપર, જેથી તું અહુરમઝ્દની ખાહેશ મુજબ શબ્દો બોલી શકે." (૧૦) અને આ પણ કહેવામાં આવ્યું છે કે: "હું શરૂઆતથી હસ્તિ ધરાવતો મહેરબાનીવાળો મીનો છું; અને કશાંથીપણ હું કદી ઠગાયો નથી."

(૧૧) આદમઝ્દતનાં પોષણ, અને મદદ, અને રક્ષણ સારૂ અહુરમઝ્દે આતશની ભેટ આપવા વિષે; આદમઝ્દતે તેની પરવરેશ કરવી અને તેઓને તેની મદદ; અને જે તેની નીયાએશ કરશે અને કરવાનો હોય તેની તરફની આતશના મીનોની ખુશાલી[૩]. (૧૨) રસ્તાખીઝ્ વખતે જે મ્હોટું કામ થશે, અને બજાવવામાં આવશે જેથી સર્વ પેદાયશ પવિત્ર થશે તે આતશથી થવાનું છે; જેને માટે કોઈ ખુદા તરફથી જીંદગીની જરૂરીયાતો મેળવવા સારૂ બંદગી કરે[૪]. (૧૩) આ પણ કહેવામાં આવ્યું છે કે: "ઓ ઝરથુશ્ત્ર! તું એવો ખુશાલી આપનાર છે તેથી એટલે કે હમારી ખુશાલી સર્વથી વધુ બજા લાવી શકે તેથી, હમો માનુશ્ચિહર આવી શકયો તેના[૫] કરતાં વધુ જલદી આવીએ છીએ, જ્યારે ઓ ઝરથુશ્ત્ર હમો કે જેઓ અમેશસ્પંદો છીએ તેઓને તું બોલાવે છે.

(૧૪) રસ્તાખીઝ્ વખતની પેદાયશોની ખાસીયત અહુરમઝ્દે ઝરથુશ્ત્રને દેખાડવા વિષે. (૧૫) આ પણ કે દુનિયાની સર્વે રોશનીઓ, ઢોરની સર્વે રોશનીઓ, ઝાડોની સર્વે રોશનીઓ, અને સઘળી આબાદીની[૬] સર્વે રોશનીઓ, અશોઇના દેખાવો હોય

---

૧. જુઓ યસ્ન હા ૩૫મો, ફ. ૧૯.

૨. સરખાવો અવ૦ વારેમ, "ટેકો," "મદદ." યસ્ન હા ૩૫મો, ફ. ૨૨.

૩. યસ્ન હા ૩૬મો, ફ. ૪.

૪. ખ્મેજ હાનો ફ. ૬.

૫. માનુશ્ચિહર માટે જુઓ દીનકર્દ, પુસ્તક ૮મુ, વૉલ્યુમ ૧૫મું, બા. ૧૩માં, ફ. ૧૦, ૧૨, ૧૮.

૬. જુઓ યસ્ન હા ૩૫મો, ફ. ૧, ૨.

એવી જણાય છે. (૧૬) દીનમાના અહુરમજ્દના કરારના આગળ વધતી વખતે બંદગી કરનારાઓની અહુરમજ્દની બદગી વિષે ; જે દીને દુનિયાને તેની અશોઇ આપી, અને વળી તેની સાહેબી, અને સારૂં રક્ષણ કરવાને લીધે તેની મ્હોટાઇ, અને તે સાહેબનું નામ ડહાપણ[1] છે ; તેજ પ્રમાણે તેની ક્રિયા, જે પેદાયશો કરે તેના ફાયદા સારૂ થાય છે, જ્યારે તેઓ શરીર અને જીંદગી ધરાવીને જીવે છે ત્યારે સર્વ હાડમંદ તથા મીનોઇ દુનિયાને ફાયદો કરે છે.

(૧૭) અને આપણુ કહેવામાં આવ્યું છે કે: "તું હમારો પોતાનો છે, અને હમારી મુજબ ચાલનારો છે, ઓ સ્પીતામાન્! તેજ મુજબ તું લાયક માન સાથે હમારી પાસે આવે છે; ક્રિયામાં મ્હોટાઇ અને માન તારાં છે, ઓ જરથુશ્ત્ર! એટલે કે તેઓ તારી મ્હોટાઇ અને માન થાય છે એટલે કે તેઓ તારાં છે, ઓ જરથુશ્ત્ર! અને વચલા ભાગથી હદ વગરનાં છે; એટલે કે હમો તને એટલો મ્હોટો બદલો[2] આપીએ છીએ કે જ્યારે તું તેની વચમાં ઊભો રહે ત્યારે તેની હદ, આ દુનિયાની પહોળાઇ, નદીની લંબાઇ, અને સુરજની ઉંચાઇ[3] તું જોઈ શકે નહી."

(૧૮) જરથુશ્ત્રે અહુરમજ્દ પાસેથી માંગ્યુ કે: "મને તું તે જોરાવર માણસો આપ, જેઓ દીનપર મ્હોટો વિચાર કરવાથી મારા ચેલા થાય; જેઓ વળી મજ્દયસ્ની દીન ફેલાવે, અને જેઓ વળી મારાં લોકો વચ્ચે સારી ચાલચલણ સમજાવે, અને મેં જે આફ્રીનની અંદર સારી ચીજો દેખાડી છે તે મેળવે."

(૧૯) અહુરમજ્દે કહ્યું કે: "બીજા જોરાવર માણસોમાંથી તેઓને હું તને આપીશ કે જેઓ તારા ચેલા થાય[4]; તેઓ તારા પોતાના છે, અને વળી તેઓ કે જેઓ તેઓના દોસ્તો છે, અને તેઓના સાથીઓ, અને તેઓના મદદગારો, તારા છે, જેઓ આ તારી મજ્દયસ્ની દીન ફેલાવશે. (૨૦) "ઓ જરથુશ્ત્ર તેઓની ઘણી જાતની બંદગી તથા તેઓની આફ્રીન તારી છે; અને ક્રિયા તથા નમસ્કાર જે તેઓના છે તેથી તેઓ તને સંપૂર્ણ ઉદારતા આપે છે; તારી અશોઇ તારાં રવાન સાથે જોડાયલી છે, તારી જીંદગી અને તેજ મુજબ તારૂં શરીર[5], ઓ જરથુશ્ત્ર! હમારે લીધે હસ્તિ ધરાવે છે. (૨૧) "મદદને સારૂ બન્ને દુનિયામાં[6] હું જે પેદા કરનાર અહુરમજ્દ છું તે તારી પાસે આવીશ; ઓ જરથુશ્ત્ર! તું બન્ને હવર્તાત્ તથા અમેર્તાત્થી લાયક થાય છે, જેથી હું કે જે અહુરમજ્દ છું તેને તું ખુશ કરે છે, તે શબ્દોથી અને કામોથી જે મેં, જે સઘળા મીનોમાં સર્વથી વધુ ખુશ થનારો છે તેણે, તને જાહેર કર્યા છે."

---

૧. યસ્ન હા ૩૬મો.

૨. યસ્ન હા ૪૦મો, ફ. ૩.

૩. આ હદ વગરની જગાનું વર્ણન યસ્ન હા ૯મો, ફ. ૪, અને યશ્ત ૧૩મી, ફ. ૩૨માં મળે છે.

૪. યસ્ન હા ૪૦મો, ફ. ૭.

૫. પહલવી યસ્ન હા ૪૧મો, ફ. ૭.

૬. ખોજ હાનો ફ. ૮.

(૨૨) જરથુશ્ત્રે એમ કહ્યું કેઃ "તારો જે જોરાવર ધણી હોય તેની આગળ તેઓ અરજદાર થયા છે"[૧]. (૨૩) અને અહુરમજ્દે એમ કહ્યું કેઃ "હાઉમંદ દુનિયામાં તું અરજદાર અને જોરાવર ધણી છે." (૨૪) જરથુશ્ત્રે એમ કહ્યું કેઃ "આ જીંદગીનાં તારી સર્વથી ફાયદાવાળી હયાતિનાં આગળ વધવામાં તું હમારો સંતોષ થજે[૨]." (૨૫) અહુરમજ્દે એમ કહ્યું કેઃ "ઓ જરથુશ્ત્ર! તે ઉત્તમ હયાતિમાં, એવા અશો! હું તને સંતોષ આપીશ[૩]!"

(૨૬) શ્રેષ્ટ અશોઈ ન્યામત છે.

બાબ ૩૫મો, વશ્ત્–માન્સર્ નસ્ક.

(૧) તેરમી ફર્ગદ્, **ઉશ્ત્વઇતિ**[૪], જે કોઈ તેના સવાબનાં આગળ વધવાથી, માણુસનાં સુખ સારૂ તેમજ દીનની ભલાઈ સારૂ કામ કરે તેના બદલા વિષે છે. (૨) આ પણ કે અશોઈનો ટકાવ તેનાં કામો કરવાથી થાય છે[૫].

(૩) અશો માણુસની ખાસીયત વિષે, એટલે કે, તેની જાહેરાત અને માન જે ખચીતજ ફરજે તથા સારાં કામો માટે છે; વળી તેનું ન દેખાય એવું આડાપણું, એટલે કે તેનો એકપણ ગુનાહ દેખાતો નથી, અને તે **વોહૂમન્**[૬] સાથના પોતાના કરારને બજા લાવનાર છે; એટલે કે સારા વિચાર, સારા શબ્દો, અને સારાં કામો, અને અશો માણુસોને ખુશ કરવામાં દરેક ભલાઈનું ચાલુ રહેવું[૬].

(૪) તેઓની સત્તાથી કોઈને ભેટ આપવાથી સવાબનાં કામો તેઓ કરે તેથી ઉદાર લોકોને મળતા બદલા વિષે; અને બહેશ્તનાં સર્વથી ઉંચાં રહેઠાણમાં સાચાં ઉદાર લોકોનાં રવાનનો ઝળકતો રસ્તો, અને સર્વથી ઉંચું ઉડવું[૭], અને સગવડ, સત્તા, અને વધુ ઉંચું આગળ વધવું, અને ઉંચી પદવી; એટલે કે, જ્યારે તેઓ રસ્તાખીજ કરશે, અને દુનિયાને નવી તથા એકદમ ઝળકતી બનાવશે, તથા જનાવરોને અમર કરશે, ત્યારે તે જગામાં મ્હોટામાં જે તેની છે તેથી સારા બક્ષેસ કરનારની ભેટ તેઓ સંપૂર્ણ ગણશે[૮].

(૫) પોતાની આંખોની નજરથી જરથુશ્ત્રે અમેશસ્પેન્ત (**વોહૂમન**) ને જોવા વિષે; અને અહુરમજ્દે ભલાં કામ કરનારાઓને બદલો આપવા વિષે. (૬) અને આ પણ કે તેનાં ડહાપણ તથા હુશિયારીને લીધે દુનિયાની સેવટે પેદાયશો અશો થશે, અને દુનિયા અમર અને સંપૂર્ણ ફાયદાવાળી થશે.

---

૧. યસ્ન હા ૪૧મો, ફ. ૧૦.
૨. ખ્રેજ હાનો ફ. ૧૧.
૩. ખ્રેજ હાનો ફ. ૧૫.
૪. યસ્ન હા ૪૩મો.
૫. ખ્રેજ હાનો ફ. ૧, લીં. ૪થી.
૬–૬. ખ્રેજ હાનો ફ. ૨, લીં. ૪. **પર્વસ્તગીહ્**, અવ૰ **પઇરિ-બન્દ**, ફા૰ **પચ્એવસ્તગી**, "ચાલુ રહેવું," "જોડાણ."
૭. **વાજ્શનીહ્**, અવ૰ **વજ્**, "ઉડવું."
૮. યસ્ન ૪૩મો, ફ. ૩, લીં. ૧, ૩, ૪, ૫, અને ફ. ૮, લીં. ૨, ૩.

(૭) જરથુશ્ત્રની શ્રેષ્ઠતા વિષે આ પણ કહેવામાં આવ્યું છે કે : "બન્ને દુનિયામાં અશોઇ સર્વથી વધુ સ્વતંત્ર અને ખુરાં લોકોને ખુલ્લી રીતે નુકસાનકારક છે; અશોઇપર વિચાર કરનાર[1] તેની શક્તીમાં હોય તેટલો નાશ કરનાર છે અને તે દુષ્ટ ખુરા મીનોને ભય[2] સમાન છે;" અને જરથુશ્ત્રે અહુરમજ્દ સાથે ગોફ્તેગો[3] કરવાનો દહાડો પંસદ કરવા વિષે. (૮) અને આ પણ એમ કહેવામાં આવ્યું છે કે: "મારે માટે તે ઝળકતો દિવસ, ઓ અહુરમજ્દ! સ્થિર અને ખુશનુમા વાદળાંવાળો[4] હતો, જેમાંથી મારે સારૂ સુકી હવાથી, કે થંડીથી, ભૂખથી, કે તરસથી, અથવા તે દિવસથી પણ ન્યાયની ખોટ ન હતી." (૯) "હુઓમ, રોટલીપ, મીહુ[5], તેની પૂંછડીમાં માંસ અથવા ચરબીવાળું મેંઢુ, દુધ, સ્વચ્છ પાણી, મારે માટે હતું, જ્યારે હું જે રુપેનોગ્-મઇનૂગ્ છે અને જે અહુરમજ્દનો સંપૂર્ણ વખાણનાર છે તેની સાથે ગોફ્તેગો કરતો હતો." (૧૦) "જ્યારે એવી રીતે તે તારી દીનનો હું વધુ જાહેર કરનાર છું, અને જ્યારે મેં તારી તે ભલી દીન સાંભળી છે ત્યારે હું તે જાહેર કરી શકું[7]." (૧૧) અને આ પણ કે દરેકે દરેક નીયમ જે તેમાંથી નીકળે તેની પાસે જવું તે હુઓમની ખુશાલીના દેખાવ તથા સંતોષ પાસે અને તેથી બરાબર જાણતાં ડહાપણ પાસે જવા બરાબર છે.

(૧૨) અને વિશ્તાસ્પ તથા જરથુશ્ત્રના મોજેજાપણાં વિષે.[8] (૧૩) અને આ પણ એમ કહ્યું છે કે: "મેઢાંનાં સારાં ટોળાંવાળાં[9] યિમને મેં દીન દેખાડી; હુશિયાર તથા મ્હોટા ફ્રએદૂનને[10] મેં તે દેખાડી; કઇ-અર્શનને[11] મેં તે દેખાડી; બુદ્ધિવાળા સામ્ના દીકરા કેરેસાસ્પને મેં તે દેખાડી, જેણે ખુરા મીનો, જેને તેઓ ભેટ્યા તથા જેની તેઓએ મેહમાનગીરી કરી તેના જુલમને લીધે, તે કબુલ ન કરી." (૧૪) અને આ પણ કે: "મને ખબર પડી છે કે જ્યારે વિશ્તાસ્પનો ઓશો સ્રઓષ મારી પાસે આવશે, અને જેની સાથે જરથુશ્ત્ર જે ઘણોજ ઊદાર[12] છે તે તેની જોડે આવશે તેની અગાઉ તે દીન સાચી તરીકે સઘળે ફેલાશે નહીં." (૧૫) અને જરથુશ્ત્રે ખુરા લોકોને, દીનને ટેકો આપનારાઓની મદદ સાથે, પેદાયશોને આફત તથા દુઃખ કરવાથી અશક્ત કરવા વિષે. (૧૬) અને આ પણ કે જરથુશ્ત્રે અહુરમજ્દને પૂછ્યું કે: "તેજ પ્રમાણે જેઓ હથિયાર ધરી ન શકે તેઓને હું શું હુકમ આપું; એટલે કે તેઓ પાસે હથિયારો કે શસ્ત્ર નથી, તેઓ પાસે લશ્કર નથી, તેઓનો કોઈ વડો પાળનાર નથી, અને તેઓને

---

૧. પહલવી યસ્ન હા ૪૩મો, ફ. ૯, લી. ૫.
૨. ફા૦ ગન્દ્, "ભય," "બીક."
૩. હા ૪૩મો, ફ. ૭, લીં. ૪.
૪. અવ૦ અવ્રા, ફા૦ અબ્ર, "વાદળું."
૫. અરેબીક લહમ, "રોટલી," "ખોરાક."
૬. સરખાવો પહલવી મીલાઞ્ચે, "નીમક."
૭. યસ્ન હા ૪૩મો, ફ. ૧૧.
૮. યસ્ન હા ૪૩મો, ફ. ૧૨, લીં. ૩જી.
૯. યિમ—ખ્શએત—હવાંથ્વ, વંદીદાદ ફ. ૨જી, ફ. ૧૨, યસ્ન હા ૯મો, ફ. ૪.
૧૦. અવ૦ થ્રએતઓન, "ત્રાથ્વીઆનીઅન" જેણે અઝ્ દહાકને ઠાર માર્યો; યસ્ન હા ૯મો, ફ. ૨૪-૨૫ વિગેરે.
૧૧. અવ૦ કવિ-અર્શન્, જમ્યાદ યશ્ત, ફ. ૭૧-૭૪, વિગેરે.
૧૨. યસ્ન હા ૪૩મો, ફ. ૧૨, લીં. ૪.

દુઃખ દેનારાઓ ઘણા છે. " (૧૭) અહુરમજ્દે કહ્યું કેઃ " તેઓ પાવડાજેવાં[૧] મનના છે, તેઓની વધવાની નિશાનીઓ મ્હોતની અથવા નાશની છે[૨], તેથી જેઓ લશ્કર ધરાવી શકતા નથી, તેઓને દુઃખ દેનારા ઘણા છે."

(૧૮) અને આ પણ કે અહુરમજ્દના સંબંધમાં તેની હયાતિને[૩] ચાહવાથી, અને મજબુત વિચાર સાથે દીનને ટેકા આપવાથી, તેનાથી સુરજનો દેખાવ બદલા તરીકે આપવામાં આવે છે, જેની સાહેબી છે, જે તેને તેનાં સંપૂર્ણ વિચાર કરવાથી તેની થાય છે; જેની અશોઈ તેનાં કામોમાં છે તેને વોહૂમન્ બદલો આપશે.

(૧૯) સર્વથી સરસ અશોઇ ઉત્તમતા છે.

બાબ ૩૬મો, વશ્ત્–માન્સર્ નસ્ક.

(૧) ચૌદમી ફ્રર્ગદ, **તત્–થ્વા–પેરેસા**,[૪] દીનની વખાણ વિષે છે[૫]; આ પણ કે દીનને લીધે દરેક માણસ સદ્ગુણી જ્ઞાન ધરાવે છે. (૨) અને આ પણ કેઃ " ઓ જ્રથુશ્ત્ર ! હું પેદા કરનાર છું; તેથી હું અશોઇનો બાપ તથા ખોરાક પુરો પાડનાર છું; ઓ જ્રથુશ્ત્ર ! સુરજ અને તારાઓને તેઓના રસ્તાઓ મેં આપીઆ છે; તથા તેઓ ક્રમ વધે છે અને નાના થાય છે તે હું જાણું છું[૬]." (૩) " આ પૃથ્વી તથા આકાશ જેઓ ટેકા વગરનાં છે તેઓને હું બચાઉં છું; એટલે કે તેઓને કાંઈ પણ દુન્યવી ટેકા નથી અને તેઓ પડતાં નથી; પાણી તથા ઝાડોને મેં પેદા કર્યા છે, અને હું તેઓને ખીલવું છું; જ્યારે તેઓ વાદળાં તથા પવનપર ઝડપથી દોડે છે ત્યારે તેઓ ઝડપી હોય છે, અને જેઓ દુનિઆ માટે સર્વથી સરસ બદલો બનાવે છે; એટલે કે, આ એક બદલો તેઓ માટે સારો છે, કે તેઓ વરસાદ બનાવે છે[૭]."

(૪) " પૃથ્વીપરનાં પ્રાણીઓને મેં વોહૂમન્થી પેદા કર્યા, ઓ જ્રથુશ્ત્ર ! જ્યારે તેઓને મેં સંપૂર્ણ તથા આખી જાતવાળાં પેદા કર્યાં ; ઓ જ્રથુશ્ત્ર ! ત્રણ હજાર વરસ સુધી આ મારાં પ્રાણીઓ બુઢાપા અને મરણ વગરનાં હતાં, આ ત્રણ હજાર વરસમાં નહીં ભૂખ હતી, કે નહીં તરસ, અને નહીં શરીરનો પરસેવો[૮], અને નહીં હથિયારો પહેરવાં, અને નહીં બુઢાપો, કે નહીં મરણ, અને નહીં ઠંડો પવન કે નહીં ગરમ પવન." (૫) " આ મારી દુનિયા મરણ વગરની હતી, પૃથ્વીપરનાં અશો લોકોનો સર્વે ઝલકાટ હતો; પછી એબ અથવા અનીતિ આ અશોઇની હાઇમંદ દુનિયામાં સર્વોપરી થઇ." (૬) " પરસેવો અને હથિયાર પહેરવાનું પેદા કીધા પછી, મેં દિવસ અને રાત બનાવ્યાં, પછી મેં

---

૧. પહલવી **તોશ્ત્**, " પાવડો," " કોદાળી."
૨. યસ્ન હા ૪૩મો, ફ્ર. ૧૫, લીં. ૩.
૩. **હઇતીગીહ્** " હયાતિ." ઍજ હાનો ફ્ર. ૧૬, લી. ૨.
૪. પહલવી **તત્સ્યા-ઇ-પેર્સ.**
૫. યસ્ન હા ૪૪મો, ફ્ર. ૧, લીં. ૨.
૬. યસ્ન હા ૪૪મો, અવસ્તા ફ્ર. ૩ ; પહલવી ફ્ર. ૩, લીં. ૨, ૩, ૪.
૭. ઍજ હાનો ફ્ર. ૪, લીં. ૨, ૩, ૪.
૮. અવ૰ **ખ્ચેધ**, " પરસેવો." ફા૰ **ખવી**, " પરસેવો."

સવાર તથા બપોર પેદા કર્યા[૧]. (૭) "સંપૂર્ણ સારી મનશ્નીની બાહેશ સાથે મેં પાદશાહી[૨] બનાવી, અને વધારે ફાયદો મેળવવા માટે બાપ સારૂ બેટો પેદા કર્યો; જે મેળવવામાં એક પુરૂષ તથા સ્ત્રીનું હમેલદાર થવું જાહેર થાય છે, અને તે મેળવવામાં મેં બાપને સારૂ બેટો પેદા કર્યો, એ જ઼રથુશ્ત્ર[૩]!" (૮) પુરા મીનાએ એમ જોયું, અને તેણે સ્પેનાગ્ મઇનુગ્તે ઉંડા બાડામાંથી ઉપર બોલાવ્યો કે: "એ ફાયદો કરનાર મીનો! સર્વ પ્રાણીઓનો તું પેદા કરનાર છે; પણ એ ફાયદો કરનાર મીનો! હું તારી ઉપર અને તારાં સર્વ પ્રાણીઓઉપર કોનો લઈશ." (૯) રસ્તાખીજ઼ તથા ભવિષ્યની હયાતિથી દીનનું દરેક જણાની અંદર આગળ વધતું થવા વિષે. (૧૦) આ પણ કહેવામાં આવ્યું છે કે: "આ જે જ઼રથુશ્ત્રને તેં જાહેર કર્યું છે જેથી પૃથ્વી પહોળી થાય છે, તે અશોઇ છે, જે સર્વથી ઉત્તમ દીન છે; આ જે તારી જ઼રથુશ્ત્રને જાહેર કરેલી દીન છે તે અશોઇની તથા સંપૂર્ણ મનશ્નીની દુનિયાને મ્હોટી કરે છે, જે, મજ઼દયસ્નની લોકો આગળ તારી આ દીન[૪] ગાઈ તેઓના સબબમાં પહેલાં પેદા કરવામાં આવ્યાં છે; એ જ઼રથુશ્ત્ર! આ તારી દીન સર્વથી સરસ છે, જે અશોઇથી કોઈ પોતાની કરશે. (૧૧) "તારે આ તારી જાતનાં માણસોને તથા સાથીઓને જાહેર કરવી, ધર્મગુરૂઓને અને તેને કે જે દેશમાં સર્વથી વધુ વગવાળો હોય; અને તેઓને કે જેઓ આ તારી મજ઼દયસ્નની દીન માટે વાંધો કાઢે[૫], તારે પૃથ્વી ઉપરના સાત કેશ્વરોપર આ જાહેર કરવી,[૬] તે કે જે સર્વથી દૂરનું ઘર, ગામ, દેશ, તથા પ્રદેશ, હોય તેને; મારી તરફ, જ઼રથુશ્ત્રી મજ઼દયસ્નની દીન તરફ, જે દેવોની સામે થનાર છે, અને જે અહુરમજ઼દનો કાયદો છે તે જે કબુલ ન કરે તેઓને તું ખુલ્લી રીતે શ્રાપ આપ."

(૧૨) અહુરમજ઼દે કહ્યું કે: "જેને તું ચાહે છે, જે જ઼રથુશ્ત્રની મજ઼દયસ્નની દીન છે, દેવોની સામે થનારી તથા અહુરમજ઼દનો કાયદો છે તેને હું મ્હોટી કરીશ."

(૧૩) "જો આ જે તારી છે તેને મેં વધુ ચાહી ન હતે, જ઼રથુશ્ત્રની મજ઼દયસ્નની દીન, જે દેવોની સામે થનારી તથા અહુરમજ઼દનો તરીકો છે તે નાશ પામી હતે[૭], જેથી મજ઼દયસ્નની દીનની વખાણનો નાશ થયો હતે; એટલે કે દીન આગળ વધી ન હતે, અને કોઈપણ સઓશ્યન્તોની[૮] એટલે ફાયદો કરનારાઓની પાછળ કોઈ ચાલતે નહીં." (૧૪) "પણ તે પ્યારને લીધે, એ જ઼રથુશ્ત્ર! પછી પણ મજ઼દયસ્નની દીન આગળ વધે છે[૯]; જગતના રસ્તાખીજ઼ના વખત સુધી, હયાતિ ધરાવનારી ચીજોની અમર[૧૦] જીંદગી થાય ત્યાં સુધી; મરણ પામેલાં લોકો ઊભાં થાય ત્યાં સુધી, અને મીનોની આગળ તેઓ પુરેપુરી તોજેશ કરે ત્યાં સુધી."

---

૧. યસ્ન હા ૪૪મો, ફ્ર. ૫, લીં. ૪.
૨. ઍજ હાનો ફ્ર. ૭, લીં. ૨.
૩. ઍજ હાનો ફ્ર. ૭, લીં. ૩.
૪. યસ્ન હા ૪૪મો, ફ્ર. ૧૧, લીં. ૪.
૫. ઍજ હાનો ફ્ર. ૧૩, લીં. ૩.
૬. હા ૪૪મો, ફ્ર. ૮, બીં. ૩.
૭. યસ્ન હા ૪૪મો, ફ્ર. ૧૭, લીં. ૪.
૮. ફાયદો કરનારાઓ એટલે પએગમ્બરો.
૯. ઍજ હાનો પહલવી ફ્ર. ૧૫, લીં. ૪, ફ્ર. ૧૭, લીં. ૪.
૧૦. હુમાગ, "અમર," "હમેશાની."

(૧૫) સર્વથી વધુ ગુનેહગારો તરફ તથા ગુનેહગારોમાંની મીનોઈ શક્તિઓ તરફ ગુનેહગાર લોકોના દોજખમાંના ધિક્કાર વિષે; અને તે પેદા કરનાર છે જે બીજાઓના દોજખમાંથી છુટકારો કીધા પછી, અને દોજખમાંની ત્રણ રાતની સખત સજા પછી[૧], તે ત્રણ રાત પછી, તે દુઃખમાંથી તેઓનો બચાવનાર છે, અને દરેક જણ સુખી થશે. (૧૬) આ પણ કે જરથુશ્ત્ર અહુરમજ્દને પૂછ્યું કેઃ "ઓ અહુરમજ્દ! અજ્ઞાન દેવો કદી પણ સારા રાજ કરનારા કેમ થાય?[૨] દુનિયામાં તેઓ એમ કેમ ધારે છે કે તેઓથી તેઓનું સુખ થાય છે?" (૧૭) અને અહુરમજ્દે કહ્યું કેઃ "ઓ જરથુશ્ત્ર! તેઓ દેવો છે, અને બુરૂં કરનારા છે નહીં કે ભલું કરનારા; તેઓ પણ અશોઇની કરજ બજા લાવવાનો બદલો આપતા નથી[૩]."

(૧૮) સર્વથી સરસ અશોઇ ઉદારપણું છે.

બાબ ૩૭ મો, વરત્–માન્સર્ નસ્ક.

(૧) પંદરમી ફર્ગદ, અદ્–ક્વખ્શ્યા,[૪] દીનની શીખામણોની સાત ઉત્તમ ચીજો વિષે છે. (૨) પહેલી, દીન સાંભળવાથીપ, શીખવાથી, અને બજા લાવવાથી પેદા કરનાર, રપેનાગ્ મઈનૂગ્ સાથેનું જોડાણ; આ પણ કે તેથી એબના–આપનારથી ભલી પેદાયશનું રક્ષણ થાય છે. (૩) બીજી, નાશ કરનાર, બુરા મીનોથી[૬] થતી જુદાઈ, અને તેની મગરૂરી તથા જુઠ્ઠાણું, જે તેના દુર્ગુણોમાં સર્વથી મ્હોટી એબ છે તેને લીધે તેનો ધિક્કાર. (૪) ત્રીજી, સારા વિચાર, સારા શબ્દો તથા સારાં કામથી પોતાના મીજાજને સણગારવો[૭]; અને આ કે તમારામાંથી જે કોઈ આ માંથ્રવાણીને સારા વિચાર તથા સારા શબ્દો ગણીને વાપરતું નથી, તેને તેઓ રોશની આપશે નહીં, તેને તેઓ બહેશ્ત એટલે સર્વથી સરસ જીંદગી આપશે નહીં; સેવટ સુધી દુઃખ તેનું રહેશે[૮]. (૫) ચોથી, કોઈના પણ સ્વભોગની[૯] ખાસીયતની શ્રેષ્ઠતા વિષે; તે વેળાએ તે કોઈની પોતાનું હોય તે આપવું તે છે; અને તે વિષેનો મુકાદો ઓલાદના દેખાવ સારૂ પોતાની ઓલાદ આપવાના સવાબ વિષે છે; વળી સ્વભોગની સગાઈ, અને પાલક લેવું, અને અકસીરપણું, અને ફાયદો, અને માલેકી. (૬) વોહૂમન્ જે પહેલાં જનમ્યો હતો[૯]

---

૧. આ રસ્તાખીજ વખતની ત્રણ રાતની સજા ને મરણ પછી રવાન ત્રણ રાત સુધી શરીરની આસપાસ ફરતું રહે છે તે સાથે કશો સંબંધ નથી (વેસ્ટ).
૨. યસ્ન હા ૪૪મો, ફ. ૨૦, લીં. ૧.
૩. એજ હાનો ફ. ૨૦, લીં. ૫.
૪. પહલવીમાં એ શબ્દ અદ્–ક્વખ્શ્ો લખાયલો છે.
૫. યસ્ન હા ૪૫મો, ફ. ૧, લીં ૧.
૬. એજ ફકરાની લીં. ૪, ૫.
૭. એજ હાનો ફ. ૩, લીં. ૧.
૮. એજ હાનો ફ. ૫, લીં. ૩, ૪.
૯–૯. યસ્ન હા ૪૫મો, ફ. ૪, લીં. ૧, ૨, ૩, ૪, ૫. આ ફકરાના સંબંધમાં ડૉ. વેસ્ટની પા. ૨૭૩, નો. ૮મી ઉપર અભ્યાસીઓનું ધ્યાન એચવામાં આવે છેઃ—"આ ગાથાનાં અસલ અવસ્તા લખાણમાં ખએત્વદથ લગ્ન (એટલે નજદીકનાં સંગાંઓનો લગ્ન સંબંધ) વિષે કાંઇ પણ એશારો નથી, પણ જ્યાં અવસ્તા ફકરાઓમાં અલંકારીક રૂપે અહુરમજ્દને ભલા વિચાર એટલે વોહૂમનના પિતા તરીકે તથા સ્પેન્દર્મદને અજ્દની દીકરી તરીકે ગણવામાં આવી છે તેનો એવો લગ્નની સતા દેખાડવા પહલવી તરજુમાવાળાઓએ ઓટો લાભ લીધો છે; તેજ વખતે તેઓ આ જુની વાત વિસારી મૂકે છે કે વોહૂમનની પેદાયશ સ્પેન્દર્મદની આગળ થઇ હતી (જુઓ ખુન્દહીશ્ન્, બા. ૧, ફ. ૨૩-૨૯).

તેના બાપ અથવા પેદા કરનાર તરીકે દાદાર અહુરમજ્દે તે પહેલાં કર્યો હતો; અને તેમાંથી મીનોઈ તથા હાડમંદ પ્રાણીઓએ તે કરવા માંડ્યો; તેઓનું આગળ વધવું, અને ઘણી જાતની સગાઈ, જેવી કે ઉજાસમાંથી ઝળકાટનું નીકળવું; અને દુનિયાના રસ્તાખીજ સુધી પુરતો આગળ વધતો ફેલાવો અને વંશ, વળી મીનોઈ તથા હાડમંદ પેદાયશોનું મીનોઈ જીંદગીમાં તથા હાડમંદ પ્રાણીઓમાં પસાર થવાથી આ પૃથ્વીની માતા તરીકે સ્પેન્દર્મદની[1] માતાની કીર્તિ કબુલ કરવાથી મળતી મ્હોટાઈ. (૭) પાંચમી, એક દસ્તુર[2] જે મીનોઈ સરદારી તથા ધર્મગુરૂની સત્તા ધરાવતો હોય તેની નેમાણુક કરવા તથા નીભાવવા વિષે; તેનાં શિક્ષણને અને તેથી અહુરમજ્દને સાંભળવું; અને નવા નેમાયલા દસ્તુરનાં સારાં કામોનો બદલો સર્વથી સરસ જીંદગીમાં તેના જવાનો છે. (૮) છઠ્ઠી, અહુરમજ્દ માટેની વખાણ, ભક્તિ, તથા ક્રિયા[3] વિષે; અને આ પણ કે વોહૂમન સાથે વધુ ગોકતેગો થાય છે[4] અને તે ફાયદાવાળું ડહાપણ શીખવે છે, આ કે: "એ જરથુસ્ત્ર! તારે રવાનના અમર આગળ વધવાની ખાહેશ રાખવી જોઈએ[5], જેથી અહુરમજ્દ પેદાયશોનો સાહેબ છે[6], અને તેની બંદગીના ફરમાન મુજબ તેને ખુશ કરવાનું કામ આદમજાતે કરવું જોઈએ[7]." (૯) પુલની ઉપર આપવામાં આવતો બદલો જે સારા વખતમાં આપવામાં આવશે તેથી પણ અહુરમજ્દની સાહેબી વિષે; દુનિયાને પાછી સજીવન કરનારાઓના એટલે કે બુરાઈને નાશ કરનારા સઓશાંસના બદલા.

(૧૦) આ પણ કહેવામાં આવ્યું છે કે: "સંપૂર્ણ મનશ્નીથી, એ સ્પીતામાન! તું આ મારી ક્રિયાનો હમેશનો કબુલ કરનાર થાય છે[8]."

(૧૧) અને પ્રાણીઓને અહુરમજ્દે આપેલાં જોર વિષે, આ જોર માટેની ખાહેશ, અને બુરા મીનો તથા તેનાં હથિયારો માટેનો ધિક્કાર; અહુરમજ્દે અને પ્રાણીઓએ તે ધિક્કાર બુરા મીનો તરફ અને સઘળા દેવો જેને દેવોએ પેદા કર્યા છે તેઓ તરફ પાછો ફેરવવો.

(૧૨) જરથુસ્ત્રની વખાણ વિષે આ પણ છે કે: "તું ફાયદાવાળો છે, અને તું દસ્તુર તથા સાહેબ છે, અને તારેથી ખુશાલી આપનારી દીન હસ્તિ ધરાવે છે[9]; તું સર્વ ફાયદો કરનારાઓનો ભાઈ તથા દોસ્ત છે, અને તેથી વોહૂમન તારો દોસ્ત છે."

(૧૩) અશોઈની શ્રેષ્ઠતા સર્વથી સરસ છે.

---

૧. યસ્ન હા ૪૫મો, ફ્ર. ૪, લીં. ૩.
૨. ઍજ હાનો ફ્ર. ૪, લીં. ૪; ઍજ હાનો ફ્ર. ૫, લીં. ૧.
૩. ઍજ હાનો ફ્ર. ૬, લીં. ૧, ૨, ૪.
૪. ઍજ હાનો ફ્ર. ૬, લીં. ૪, ૫.
૫. ઍજ હાનો ફ્ર. ૭, લીં. ૩, ૪.
૬. ઍજ હાનો ફ્ર. ૭, લીં. ૫.
૭. ઍજ હાનો ફ્ર. ૯, લીં. ૩. આ સાતમી ઉત્તમ ચીજ ગણી શકાય.
૮. ઍજ હાનો ફ્ર. ૧૦, લી. ૧.
૯. ઍજ હાનો ફ્ર. ૧૧, લી. ૧, ૪.

બાબ ૩૮મો, વશ્ત્–માન્સર્ નસ્ક.

(૧) સોળમી ફર્ગર્દ, **કામ્–નેમોઇ–જ્યંમ્**[૧], કીર્તિની પાછી શરૂ કરેલી શોધમાં, કોઈથી દેશ તરફ જવા વિષે છે[૨]; આ પણ કેઃ "નાસીપાસીથી આ તારી **યજિશ્ન** તથા **નિયાયિશ્ન**થી દૂર રહેતો ના, ઓ **જરથુશ્ત્ર**! હમારા પ્યારને લીધે જ્યારે તેઓ તારાં પોતાનાંને ખુશ ન કરે, નહીં તારા સાથીઓને, નહીં દોસ્તોને, કે નહીં પદવીવાળા શખ્સને, કે નહીં ગુનેહગાર જુલમી પાદશાહને[૩] જે તેઓ કે જેઓ દેવો છે તેઓને આરાધે છે." (૨) "અને જ્યાં તથા વળી જ્યારે તું હમારેથી દૂર હોય ત્યારે પણ હમારી ચીન્વેથી જૂદો ઊભો ના રહે; અને વળી જ્યારે દુનિયાની બાબતો તારે માટે બરાબર ઊભી ન રહે ત્યારે પણ તારે હમોને આરાધવા અને હમારી આફ્રીન કરવી." (૩) તેમજ વળી આ કે બુરા મીનોની ખાહેશ આ છે કેઃ "તારે **અમેશસ્પેન્દો**માંના કોઇને પણ માન આપવું નહીં તથા આફ્રીન કરવી નહીં; અને અહીં આ દુનિયામાં સરદારી અથવા દસ્તુરી રહેશે નહીં; એટલે કે તેઓ પાદશાહ કે દસ્તુર રાખશે નહીં, અને તેઓની ખાહેશ સર્વથી સરસ અશોઈ માટે રહેશે નહીં."

(૪) અને આ પણ કહેવામાં આવ્યું છે કેઃ "પોતાને ખુશ કરનારા લોકોનાં ઓછાં આગળ વધવાથી ઓછું મીનોઇપણું તથા કમી દોલત[૪] થાય છે તે તને ખબર છે, ઓ જરથુશ્ત્ર! તું કે જે આ માંગતો નથી કારણ કે તું દોલતની જરૂર પિછાણતો નથી[૫], પણ તારા તે ફરીયાદના શબ્દો જેને વિષે હું તારી પાસે ખુલાસો માંગું છું, તે હું જાણું છું.[૬]" (૫) અને આ પણ કેઃ "હમો કે જેઓ **અમેશસ્પંદો** છીએ તેઓની ખાહેશનું પુરું પડવું તું જાણે છે; અને તેને માટે હમો તને જે છોકરાંને તું પેદા કરે તેનો સંતોષ આપીએ છીએ; વળી હમો તને એક દોસ્તને બીજો દોસ્ત આપે તેવું છુટાપણું આપીએ છીએ."[૭]

(૬) ભવિષ્યના જમાનામાં શું થાય છે તે વિષે, જોરાવર લોકો જેઓ ડહાપણ શીખવવાથી અને ચાલચલણથી ફાયદાવાળા થાય છે[૮] અને તેઓથી જુવાન્યાઓની તરસ વધે છે; સંપૂર્ણ[૯] મનશ્નીની મદદથી તેઓ અશોઇની દુનિયાનો વધારો કરે છે, અને બુરા લોકો માટે દુઃખ પેદા કરે છે, અને પ્રમાણીકપણાંથી થતો ફાયદો તેઓને મળે છે.[૯] (૭) અને આ પણ કે જે કોઈ ગુનાહથી જુલમગાર હોય છે તે પોતાનાં

---

૧. યસ્ન હા ૪૬મો.
૨. ઍજ હાનો ફ. ૧, લીં. ૧.
૩. ઍજ હાનો ફ. ૧, લી. ૪.
૪. યસ્ન હા ૪૬મો, ફ. ૨, લી ૨.
૫. ઍજ હાનો ફ. ૨, લી ૧.
૬. ઍજ હાનો ફ. ૨, લીં. ૩.
૭. ઍજ હાનો ફ. ૨, લીં. ૪.
૮. ઍજ હાનો ફ. ૩, લીં. ૩.
૯. ઍજ હાનો ફ. ૩, લીં. ૪.

કામોથી પડ્યો છે, અને મરી ગયો છે.[૧] (૮) પોતાનાં સઘળાં જોરથી હમેશ બુરાં લોકોની[૨] સામે થવા વિષે, જેથી જે કોઈ સારો પાદશાહ હોય, જેની સત્તા **આંધ્ર**-પર્યન્ત છે તે **અઝેશ્મ** (એટલે ગુસ્સા) ની ઉપર જીત મેળવે છે.[૩]

(૯) સણગારનારાઓની વખાણ વિષે પણ એમ કહ્યું છે કેઃ "સારી સમજ ઉપર આશિર્વાદ હોજો, વળી **મિથ્ર** ઉપર, જેની સજા તેઓ ગુનેહગારો ઉપર આ વિચાર સાથે બજાવશે કે તે હુશીયાર તથા વચનનો બચાવનાર છે."[૪] (૧૦) અને કોઈના પણ સગાના સંબંધમાંના ચુકાદા વિષે, **આ** પણ કેઃ "જે કોઈ અશો હોય, અને વળી જે કોઈ ગુનાહગાર હોય તેના રશ્તુથી[૫] સજીવન કરવાથી, એટલે કે, સેવટે દરેક જણને કાયદા મુજબની તપાસ માટે રાખવામાં આવશે." (૧૧) અને આ પણ કેઃ "એક સગો જેનાથી પોતાનું રવાન ગુનાહગારપણાંથી બચાવ થાય છે તે અશો ગણાવો જોઇએ."[૬] (૧૨) આ પણ કેઃ "તેથી તારો દસ્તુર તે છે કે જેની દીન અશો છે"[૭]

(૧૩) તે ધાયલ થયલા **માની**[૮] દૂજની ખાસીયતો વિષે, અને તેને સાંભળનારા પાપી લોકોને મારવું; તે કે જે પાદશાહ હોય તેના તરફથી આવ્યું હોય તે. (૧૪) અને આ પણ કેઃ "પાપી માણસ, જે મારી દુનીયાને તેને આપો દે જેને કીનાખોર[૯] બુરા મીનોએ મ્હોટાઇએ ચઢાવ્યો હોય, તે તે છે કે પોતાને ધાયલ કરનાર દેવ છે, જે આ અશોઈની દુનીયા જેને તે વખાણે છે તેનાં મ્હોત સારૂ તેને મ્હોટો કરવામાં આવેલ છે."[૧૦]

---

૧. યસ્ન હા ૪૬, ફ. ૪, લીં. ૩.
૨. એજ હાનો ફ. ૪, લીં. ૪.
૩. એજ હાનો ફ. ૫, લીં. ૧.
૪. એજ હાનો ફ. ૫, લીં ૨. જુઓ **મેહર યશ્ત**.
૫. ઇન્સાફનો ફરેશ્તો જે ગુજર પામેલાં રવાનનાં સવાબનાં કામોને એક ત્રાજવાંમાં તોલે છે અને રસ્તાખીઝ સુધીની તેની હાલતનો ચુકાદો આપે છે. જુઓ, દીન્કર્દ પુસ્તક આઠમું, બાબ ૨૦મો, ફ. ૧૫૩. જુઓ યસ્ન હા ૪૬મો, ફ. ૫, લીં. ૩.
૬. જુઓ એજ હાનો ફ. ૫, લીં. ૪.
૭. એજ હાનો ફ. ૭, લીં. ૫.
૮. **માની**, મ્હોટો નાસ્તીક, જે ૪સ્વી સને ૨૧૫-૧૬ને આસરે જનમ્યો હતો, અને જેણે પોતાના ફતવાઓ ઈ. સ. ૨૪૨માં **શાહપુર** પહેલાના રાજમાં જાહેર કીધા હતા, અને **નોલડીકની** તવારીખ મુજબ તેને **બહેરામ** પહેલાએ ઈ.સ. ૨૭૬-૨૭૭માં મારી નખાવ્યો હતો; **માની**એ બે સામે થનારી શક્તિઓ દુનિયાની દરેક ચીજમાં દેખાડી હતી, અને દુનિયામાં જે કાંઈ બુરૂં થાય છે તે ખુદાથી થતું નથી એમ પુરવાર કરવાની કોશીશ કરી હતી, કેમ કે ખુદાનાં કામોમાં જે શ્રેષ્ઠતા નજર પડે છે, તે આ માન્યતા સાથ મળતી થતી નથી, અને કે એવા કોઈપણ આરોપ માટે તે લાયક નથી. તેના આ ફતવાઓ **જરથુશ્ત્ર**ની દીનમાં એક નાસ્તિકપણાંની શાખા જેવા હતા. વેસ્ટ એ વિષે કહે છે કેઃ ૧૩-૧૬ ફકરાઓમાં જે રીતે **માની** અને તેની દીન પાળનારાઓનું વર્ણન આપ્યું છે તે ઉપરથી એમ જણાય છે કે આ નસ્કનો અસલ પહેલવી તરજુમો જ્યારે લખાયો ત્યારે આ નાસ્તિક ફતવાઓની યાદ લોકોનાં મનમાં તાજી હોવી જોઇએ, જેમ બનવું ચોથી સદીના પહેલા ભાગમાં જ્યારે **આતૂર્પાદ્-ઇ-મારસ્પેન્દાન** પવિત્ર કેતાબો એકઠી કરવામાં અને સુધારવામાં રોકાયલો હતો ત્યારે હોવું જોઇએ.
૯. યસ્ન હા ૪૬મો, ફ. ૮, લીં ૧.
૧૦. એજ હાનો ફ. ૮, લીં ૨.

(૧૫) "અશોઇની ક્રિયા તે વખાણે છે તેવી નથી, ઓ જરથુશ્ત્ર! દુનિયાના દસ્તુરની સત્તા જેને માટે તે એમ કહે છે કેઃ "મીનોઈ સરદારની સત્તામાં તથા દસ્તુરીમાં હું વધુ સારો છું, હું સારો છું, અને નહીં કે, ઓ જરથુશ્ત્ર! તે ગંદકી [1] જે તે માણસો માટે ઊભી કરે છેઃ તે કે જે તેઓને તે કહે છે તે તેના તરફની હમેશની ઉશ્કેરણી થાય છે; અને તેઓ કે જેઓ ગંદકી ઊભી કરે છે, તે સેવટે તેઓની છે એમ વિચારે છે, અને દેવોની સર્વથી સરસ યજિશ્ન થાય છે. (૧૬) અશો ફ્રવોશનાં સામે થવા આવવાને લીધે, તે શખ્સ સાથે સાહેબ ગુસ્સે થાય છે; તે સાહેબ કે જે સારી જીંદગીથી અથવા સવાબનાં કામોથી, અને નહીં કે ખરાબ જીંદગીથી, અને કોઇથી વખતે ગુનાહગાર લોકોને દુઃખ દેનાર છે, તે એઓનો બચાવનાર થાય છે." [2]

(૧૭) દીનના ફરમાન મુજબ ચાલનારાઓની ખાસ ખાસીયતો વિષે અને તેઓનાં સવાબનાં કામો. (૧૮) સેવટના વખતો જે જરથુશ્ત્રના દીકરાઓના હજારાઓ છે તેની નિશાનીઓ વિષે. (૧૯) આ પણ કે તેઓ પાદશાહીને આરામ નથી આપતા, અને તેઓ કે જે કઇ તથા કરપો [3] છે, વળી જેઓ દેશમાં સર્વથી ખરાબ રાજ્ય કરનારા છે, જેઓ બુરાં કામો તથા બુરા શબ્દોથી આદમજાતની હયાતિનો નાશ કરે છે અને પોતાનાં રવાનનો નાશ કરે છે,–વળી હાડમંદ દુનિયાનો નાશ કરે છે જે તેઓથી ભેળા-યલી હોવાથી અશોઈ કરતાં વધુ પ્યારી છે; વળી તેઓની પાદશાહી દુનિયાઓમાં જેઓનાં ફરમાન પાપી હોય તેઓથી બચાવનું ખંજર [4] છે, જ્યારે તેઓ જે ખરાબ હોય તે પેદા કરે છે, અને પોતાના ચેલાઓને દેવોનાં રહેઠાણમાં છોડી દે છે.

(૨૦) અને વળી અહીં ક્યાનનાં [5] કુટુંબની વખાણ માટે એ એમ કહે છે કેઃ "તુરાનના પૌત્રોથી તથા વંશજોથી અશોઈ થાય છે, ઓ સ્પીતામાન્! જ્યારે તેઓ ક્યાનથી પેદા થાય છે, તે જાણે તદન સગા જેવા છે તેથી તેઓ તુરાનથી પેદા થયા છે; સ્પેન્ત-આર્મઇતિની [6] મદદથી તેઓ અશોઇની દુનિયાને મ્હોટી કરે છે, અને બુરી દુનિયાને માટે દુઃખ પેદા કરે છે; તેઓ તેમજ તે વિષે વોહૂમન્ સાથે વિચાર કરે છે, ઓ જરથુશ્ત્ર! અને તારે શબ્દોથી તેઓની ખુશાલી હમારેથી ઉત્પન્ન કરવી જોઇએ, [7] હમો કે જેઓ અમેશસ્પેંદો છીએ, એટલે કે તારે તે માંગવી જોઇએ."

(૨૧) આ પણ કહેવામાં આવ્યું છે કેઃ "આ સખાવત જે તારે માટે છે, તે હમો અમેશસ્પેંદો સારૂ છેઃ જે તારે માટે ભેટ કરે છે તેનાથી તે હમારે માટે થાય છે." (૨૨) વિશ્તાસ્પની વખાણ સારૂ આ પણ કહ્યું છે કેઃ "દુન્યવી હયાતીમાં કઇ–વિશ્તાસ્પે ઉદાર ભેટોથી તને ખુશ કર્યો છે,–તે વિશ્તાસ્પ જેનું તારી પાસે

---

૧. અવ૰ મુથ્ર, "પિશાબ," "ગંદકી."
૨. યસ્ન હા ૪૬મો, ફ્ર. ૮, લીં ૩, ૫.
૩. યસ્ન હા ૪૬મો, ફ્ર. ૧૧, લીં. ૧, ૨, ૩, ૪. ૫.
૪. દશ્નગૂ, ફા૰ દશ્નહૂ, "ખંજર."
૫. તુરાનમાંનું એક મજબૂદ યસ્ની કુટુંબ, જેઓમાંથી યોઇશ્તો ક્યાને યશ્ત ૫મી, ફ્ર. ૮૧, તથા ૧૩મી, ફ્ર. ૧૨૦માં જણાવેલો છે.
૬. સ્પેન્ત-આર્મઇતિ, પહલવી તરજુમો બુન્દગૂ-મીનિશ્નહૂ, જે આબાદીના મીનોને બદલે અહીં વાપરવામાં આવ્યો છે.
૭. યસ્ન હા ૪૬મો, ફ્ર. ૧૨, લીં. ૧, ૫.

દુઃખમાં આવવું વોહૂમનનાં રાજથી છે;-તેણે અશોઇની હાડમંદ દુનિયાને મ્હોટી કરી છે; તારે તેને, જે કઇ-વિશ્તાસ્પ છે[૧] તેને તે ભલા દોસ્તને, તે અશો મીત્રને હમેશ ધ્યાનમાં રાખવો જોઇએ, ઓ જરથુશ્ત્ર ! એવો તે મેહનતુ કઇ-વિશ્તાસ્પ છે, જે જ્યારે દીનની વખાણ કરે છે ત્યારે સાથે રહેનારા લોકોને ખેંચે છે, અને તેઓને દીન તરફ ફેરવે છે, એટલે કે દીન તરફ તેઓને લાવે છે." [૨] (૨૩) સ્પીતામાને દીન તરફ ખેંચવા વિષે આ પણ કહ્યું છે કેઃ " તારે આ મુજબ સ્પીતામોને કહેવું જોઇએઃ " વધુ અને મ્હોટા નમસ્કાર સાથે તારે મનમાં અશોઇની વખાણ કરવી; તમારે જે કાંઈ ભેટ હોય તે અને જે ભેટ ન હોય તેનો ફરક જાણવો જોઇએ; તમારી અશોઇનાં તે કામો માટે પણ તમોને બદલો આપવામાં આવે છે, જે બદલો અહુરમજ્દ વધુ આપે છે"[૩]. (૨૪) અહુરમજ્દે પેદા કરેલી ચાર અજાયબ ચીજોની જગા વિષે; ત્યાં કે જ્યાં વોહૂમનનું રાજ છે[૪], ત્યાં કે જ્યાં અહુરમજ્દની મહેમાનગીરી છે[૫], ત્યાં કે જ્યાં દીન સ્પેન્ત-આર્મઇતિ[૬] સાથે છે, અને ત્યાં કે જ્યાં ઉદાર લોકોનાં રવાનો છે[૭]. (૨૫) વાજબી પ્રમાણમાં આદમજાતને કરેલાં ભાષણના સંબંધમાં જરથુશ્ત્રને મળેલી સલાહ વિષે, પ્રમાણ છોડી દેવું, જે ચોકસ કામ સારૂં ઉદારપણું, નમનતાઈ અને ભલાં કામોનાં સારાં પ્રમાણ સાથે આપવામાં છે. (૨૬) આ પણ કેઃ " જે કોઈ પોતાનાં ખરાં મનથી તારા ચેલાપણામાં પોતાને આપી દે છે તેને તારે જે તારામાંથી આપવાનું હોય તેમાંથી સર્વથી સરસ આપી દેવું જોઇએ, અને જે કોઈ તે દોલત આપે તેને તારે દોલત આપવી જોઇએ[૮], કારણકે ઓ અશો જરથુશ્ત્ર ! જ્યારે તે એમ કરે ત્યારે તારૂં રવાન શ્રેષ્ઠ થયું છે." (૨૭) અને આ પણ કેઃ " આ મારી દીન ડહાપણ સાથે, અને વળી વિચાર સાથે તારે પસંદ કરવી જોઇએ. " (૨૮) આ પણ કેઃ તેણે કરેલાં સારાં કામો માટે સારી ભેટ મળે છે, જે અશોઈ સારૂં જે જરૂરનું હોય[૯] તેનાં કામોમાં ફતેહ મેળવે છે. (૨૯) અને આ પણ કે જે કોઈ સારાં કામો શોધે છે, અને સારાં કામો નિર્દોષપણાંથી શોધે છે, તે ગુનાહથી છુટકારો મેળવે છે; અને જે કોઈ યજ્દો તરફ ઉદાર હોય છે તે યજ્દોની ઉદારતાને લીધે નાશથી બચે છે. (૩૦) આ પણ " કે આ બદલાઓની મને ખબર છે[૧૦], જે થયા હોય, જે વળી છે, અને તેમજ જે કદીબી થશે તે. "

(૩૧) ઉત્તમ શ્રેષ્ઠતા અશોઇ છે.

---

૧. હા ૪૬મો, ફ્ર. ૧૩, લીં. ૫.
૨. હા ૪૬મો. ફ્ર. ૧૪, લીં. ૩.
૩. એજ હાનો ફ્ર. ૧૫, લીં. ૨, ૩, ૪.
૪. એજ હાનો ફ્ર. ૧૬, લીં. ૧, ૩, ૪, ૫.
૫. એજ હાનો ફ્ર. ૧૭, લીં. ૧.
૬. એજ હાનો ફ્ર. ૧૮, લીં ૧.
૭. એજ હાનો ફ્ર. ૧૮, લીં. ૨.
૮. એજ હાનો ફ્ર. ૧૯. લીં. ૫.
૯. હા ૪૭મો, ફ્ર. ૨, લીં. ૧, ૨.
૧૦. હા ૪૭મો, ફ્ર. ૨, લીં. ૪.

બાબ ૩૯મો, વર્શ્ત્-માન્સર્ નસ્ક.

(૧) સતરમી ફ્રર્ગર્દ, **સ્પેન્તા-મઇન્યૂ**, આ વિષે છે કે **અહુરમઝ્દે** પ્રાણીઓને ડહાપણથી પેદા કર્યા છે અને તેઓને સચ્ચાઇથી પાળે છે. (૨) આ પણ કે મીનોઇ સાહેબના જીભ જેવા દસ્તુરમાંના વિચાર દરેક માણસ માટે સર્વથી સરસ ચીજ છે; એક દસ્તુરમાં, જેને મીનોઈ વિચાર મનમાં રાખવો જોઇએ, તેને દુનીયાના પ્યારને લીધે તેની શરીરની કોઇપણ શક્તિ તે મીનોઈ સાહેબને જુઠી ન પડવી જોઇએ. (૩) અને આ કે મીનોઇ સાહેબ હમેશાં જીભનો સાચ્ચો છે, જ્યારે તે દસ્તુર જીભથી જુઠું બોલે છે, ત્યારે તે મીનોઇ સાહેબથી તે માનતો ન હોય તેવા શબ્દો તે બોલે છે, અને આને લીધે પણ જ્યારે સઘળાં શરીરમાંથી જીભ પેહલાં મરી જાય છે. (૪) તને હું કહું છું ઓ **સ્પી**તામાન્ ! કે "જેમ તું મનમાં વિચાર કરે છે તેમજ તારે જીભથી બોલવું જોઇએ, અને સંપૂર્ણ વિચારથી બન્ને હાથોએ તારે કામ કરવું જોઇએ." (૫) અને આ પણ કે તે માણસ જે એમ કામ કરે તે હુશીયાર છે, અને તે માણસ ડહાપણથી અશોઇનો પિતા છે; અને જે કોઇ જે થયું હોય તે કરે, તે તેને જે કાંઇ ન થયું હોય તેથી બરાબર તપાસે છે. (૬) અને વળી આ કે જે કોઇ પોતે સમજે તે કરશે, અને પોતે ન સમજે તે વિષે પૂછે છે, તેના શરીરમાં ડહાપણનો ખુશ થયલો મીનો તે રાખે છે.

(૭) આદમજાતની મદદ સારૂ ઢોરને પેદા કરવા વિષે, અને તેમજ ઢોરની મદદ સારૂ ઝાડપાનની ખુશાલી.[૧] (૮) અને આ પણ કે **અમેશસ્પેન્ત વદકર**[૨] દેવને તથા બુરાં લોકોને દુઃખ દે છે, પણ તેઓ અશો લોકોને અને ડાહ્યા લોકોને દુઃખ દેતા નથી. (૯) આ પણ કહ્યું છે કે "થોડી આબાદીમાં સારાં કામોની બડાઇ કરતો ના, એમ મ્હોટી આબાદીમાં ઘણાં સારાં કામો થાય છે." (૧૦) આ પણ કે, ભલાઇ સઘળું સારાં લોકોને આપે છે, અને યજ્દો બુરા માણસની મ્હોટાઇ ચાલુ રાખતા નથી.[૩]

(૧૧) તકરાર કરનારા લોકો વચ્ચે ચુકાદો આપવા સારૂ સાચ્ચું બોલનારની જીભ તેને આપવામાં આવી છે તે વિષે, અને ગુનાહમાંથી છુટો કોણ છે, અને ગુનાહગાર કોણ છે તે જાહેર કરવા સારૂ, અને તે કસોટી જે નિર્દોષ કે ગુનાહગાર દેખાડે છે, અને જેની જીભ ખરૂં બોલનારી હોય તે તે કબુલ કરે છે; અને તે તેનું બોલવું ફેલાવશે, અને તેનો ચુકાદો દુનીયામાં વધારશે, અને તેથી દુઃખ ઓછું થશે. (૧૨) આ પણ કે કસોટી તકરાર કરનારાઓ સારૂ આતશ પેદા કરે છે, જેથી તે નિર્દોષ તથા ગુનાહગાર પુરવાર કરી શકે; જ્યારે તે કે જેનામાં મજબુત સંપૂર્ણ વિચાર તથા અશોઇ હોય તે તે કસોટીનો સરદાર થાય; અને જ્યારે તેઓ તપાસે છે ત્યારે ઘણાકને લાગે છે કે કસોટીની ક્રિયા બુરા લોકો સારૂ છે.[૪]

(૧૩) અશોઇની શ્રેષ્ઠતા સર્વથી સરસ છે.

---

૧. હા ૪૭મો, ફ. ૩, લીં. ૩.
૨. ઍજ હાનો ફ. ૪, લીં. ૧, ૨, ૩.
૩. ઍજ હાનો ફ. ૫, લીં. ૨, ૩.
૪. ઍજ હાનો ફ. ૬, લીં. ૪.

આબ્ય ૪૦મો, વશ્ત્–માન્સર્ નસ્ક.

(૧) અઢારમી ફ્રગર્દ, યેજી, ચોકસ તથા શકમંદ દેખાવોની ખાસીયત, અને સેવટની જીંદગીમાં બનવાના બનાવોની નિશાનીઓ વિષે છે. [૧] (૨) સારૂં કામ કરનારાઓના મીનોની મ્હોટી ભવ્યતા વિષે, અને વળી તેનામાં તે મીનોને ધરાવવાને લીધે સારાં કામો કરે તે માણસની. (૩) આ પણ કે ક્શોગર્દ વખતે તેઓ **મજ્દયશ્ન**ી દીનની વખાણ કરશે, અને યાદ કરશે, અને બજાવશે; અને તે ક્શોગર્દ વિષે ઠગાઇને લીધે દેવોએ, તથા પછી વળી ગુનાહગાર માણસો જેઓ દેવોથી ઠગાયા હોય તેઓએ કહ્યું છે કે તે થશે નહીં. [૨]

(૪) દુનિયાના સેવટના જમાનામાં દેવોપર યજ્દોની ફ્તેહ વિષે. (૫) પહેલાં, કે જ્યારે દોજખમાંથી થયલા આદમજાતના છુટકારાને લીધે તેઓ **મજ્દયસ્ન**ી દીનની વખાણ કરશે; અને જ્યારે માન પામેલાં ક્વાહર વાળો **જરથુશ્ત્ર સ્પી**તામાન તાબેદાર શાહ કઈ–**વિશ્તાસ્પ** પાસે આવ્યો. (૬) બીજું, જ્યારે નવી પાદશાહીની નૈતિક શક્તિ તથા ફ્તેહ ફરી દીન સાથે જોડાયલાં હોય, અને તેથી માણસો ભલી દીન તરફ ફરે; અને **જરથુશ્ત્ર**નો છોકરો **અઉશેદર** પાસે આવે છે, ત્યારે આ થાય છે, જ્યારે અશો **ચિત્રગ્મિયાન્** પેશોતનૂ [૩] આવી પહોંચે છે. (૭) ત્રીજું, જ્યારે આદમજાત સંતોષથી **મજ્દયસ્ન**ી દીનને વખાણે છે, અને જ્યારે **જરથુશ્ત્ર**નો છોકરો, **અઉશેદર** માહ આવી પહોંચે છે. (૮) ચોથું, કે જ્યારે દરેક જણ **મજ્દયશ્ન**ી દીન પ્રમાણે ખુશીથી ચાલશે, તે વખતે ક્શોગર્દનો કરનાર ફાયદાવાળો તથા ફ્તેહમંદ કરનાર, **જરથુશ્ત્ર**નો છોકરો, **સ**ઓશાંસ્ [૪] આવે છે, અને આ ખુદાની અથવા યજ્દોની મ્હોટાઈ તથા શ્રેષ્ઠ ફ્તેહ છે.

(૯) જે કોઈ દીન સારી રીતે જાણતો હોય અને એક ડાહ્યો એવેદ હોય તેની આગળ દીન વિષે પુછપરછ કરવા વિષે, અને તેનાથી દીન સાંભળવી, અને ડહાપણથી તે બરાબર સમજવી. [૫] (૧૦) ગુનાહમાં માણસોને લલચાવે એવા ઠગારા દીન દુશ્મન સાથે છુપો વેહવાર રાખવાથી દૂર રહેવા વિષે. [૬] (૧૧) આ પણ કહ્યું છે કે: "તેઓ ઠગાઈ કરે એવાં શિક્ષણથી ભયંકર મૂર્ખાઇમાં [૭] તારે પડવું ન જોઇએ; એટલે એવી રીતે તેઓ તને ભયંકર મૂર્ખાઈ જે દોજખ છે તેમાં તને દોરવશે."

---

૧. યસ્ન હા ૪૮મો, ફ. ૧, લીં. ૧.

૨. ઍજ હાનો ફ. ૧, લીં. ૨, ૩.

૩. પેશો–તનુ, શાહ **વિશ્તાસ્પ**નો દીકરો, અને કુંદેજ્નો વડો દસ્તુર. એનું નામ અવસ્તામાં એકજ ઠેકાણે મળે છે. દંતકથા મુજબ એને ધાવણું દુધ પાવામાં આવ્યું હતું અને તેથી તે અમર થયો હતો. અહીં ચિત્રમીયાન્, પેશો–તનુનો એક ખેતાબ છે, એમ માનવામાં આવે છે કે તે કુંદેજ્થી હિંદુસ્થાનમાં તથા દુનિયાના બીજા ભાગોમાં દીનની ક્રિયાઓ સજીવન કરવા આવશે (જુઓ **ઝ્યન્દ્હિશ્ન્**, આબ્ય ૨૯મો, ફ. ૫, **જ્ન્દ–ઈ વોહુમન્ યશ્ત**, આબ્ય ૩૦મો, ફ. ૨૫–૫૨). **અઉશેદર**નું અવ૰ નામ **ઉખ્શ્યત્–એરેંત** અને **અઉશેદર–મા**હનું **ઉખ્શ્યત્–નેમંધ** છે; એઓ **જરથુશ્ત્ર**નાં મરણ પછી ભવિષ્યમાં પેદા થનારા તેના બે દીકરાઓ છે.

૪. અવ૰ **સઓંશ્યાંસ્**, **જરથુશ્ત્ર**નાં મરણ પછી જન્મ પામનારા દીકરાઓમાંનો સેવટનો દીકરો જે દીનની ફ્તેહ સંપૂર્ણ કરશે, અને દુનિયાને ક્શોગર્દ સારૂં તૈયાર બનાવશે.

૫. યસ્ન હા ૪૮મો, ફ. ૩, લીં ૧, ૨.

૬. ઍજ હાનો ફ. ૩, લીં. ૩.

૭. **દ્રેદીહૂ**, સરખાવો અવ૰ **દ્રેધિ**, "જુલમ," "દુશ્મની," "મૂર્ખાઇ."

(૧૨) ડહાપણ, શક્તિ અને દીનથી માણસો ધીમેધીમે **યઝ્દો**ની હુશીયારીપર પહોંચે છે. (૧૩) અને આ પણ કહ્યું છે કેઃ "તે સારા રસ્તા માટે જે પ્રાણીઓમાં અથવા માણસોમાં ઊભો થાય છે, આ પણ એક સારો રસ્તો છે, જે આદમજાત માટે પેદા થયલો તથા ખુલ્લો મૂકાયલો છે, જેમાં બુરા મીનો પેઠે લોકો પોતાને બેવકૂફ બનાવનાર **અકોમન**ના હાથમાં આપી દે છે, જ્યારે આદમજાત ખચીતજ સર્વથી બુરી દીનને લટકાવે છે. [૧] (૧૪) આ પણ કે પાદશાહીની હુશીયારીથી દરેક જણ સેવટે તે સારા રસ્તાપર આવી પહોંચે છે. (૧૫) અને આ પણ કે જે કોઈ ધણી ધારતીથી સારાં કામો અથવા ગુનાહો કરે તેનાથી આ વિચાર સાથે મનથી [૨] આ થવું જોઈએ કે ગુનાહથી પવિત્ર થવું એ માણસો માટે જન્મ પછી સર્વથી સરસ ચીજ છે. [૩]

(૧૬) આ પણ કે **આશ્રવન**નો ખોરાક અને નીભાવ બેહુતોપર આધાર રાખે છે. [૪] (૧૭) આ પણ કે આદમજાતની ખુશાલી તથા જોર જે હમણાં તેઓ ચાહે છે તે **હુઉર્વતાત્** અને **અમેરેતાત્**નાં ઢોરથી છે. [૫] (૧૮) ગુસ્સા તથા અદેખાઈના જુલમ વિષે, **સ્પેન્ત-આર્મઇતિ** એટલે સંપૂર્ણ મનશ્ની તથા **વોહુ-મનંધ્** એટલે સારા વિચાર ધરાવવાથી તે બન્નેનો થતો નાશ. [૬] (૧૯) આ કહ્યું છે કેઃ "અશોઈની દીનને એક સંપૂર્ણ અને અનુપમ ભેટ મેં બનાવી છે, અને સર્વ લોકો પોતે તેમાં સંપૂર્ણ ઉદ્યોગમાં રહેશે; વળી સર્વ લોકોએ તેઓની મરજી વગર અમરતાની ખાહેશ રાખવી એ મરજીનું રાજ છે, અને તેથી હમેશાં ફાયદો થાય છે." (૨૦) આ પણ કે ઢોરોની સંભાળ **અહુરમઝ્દ**ને માન જેવી છે.

(૨૧) અશોઇની મ્હોટાઈ વિષે આ પણ કહ્યું છે કે તે મ્હોટાઈ પોતામાંથીજ પેદા થાય છે, અને બહેશ્તમાં એટલે સર્વથી સરસ જીંદગીમાં તેને જે માણસો શોધે છે તેઓ તેની શ્રેષ્ટ પાદશાહીની ખાહેશ રાખે છે. (૨૨) **ક્રશોગર્દ**ના જમાનાની વખાણ વિષે આ પણ કહ્યું છે કેઃ તે વખતે જેઓ તેને વિષે શકમંદ હોય તેને લાયક માણસોનો બદલો અને પુલ એટલે ચુકાદો જાહેર રીતે પુરેપુરો દેખાડવામાં આવે છે. [૭] (૨૩) **વોહૂમન્**, જે પોતે બંદોબસ્તનો મીનોઇ સાહેબ છે, તેને લગતા જે હોય તેનાથી થતા નાશના કાયદેસરપણાં વિષે આ કહ્યું છે કે જ્યારે તેઓનાં શરીરો વિખેરી નાખવામાં આવે છે તે વખતે પાપી લોકો પોતાનાં પાપીપણાંથી વાકેફગાર થશે. [૮] (૨૪) પાપી લોકોનાં સારાં કામોના નાશ વિષે, વળી તેઓના પોતાનાં રવાનનાં, અને તેઓની મીનોઇ જીંદગીનાં, અને તેઓનાં ખાકી શરીરોનાં. [૯] (૨૫) અને આ પણ કે જે માણસોમાં

---

૧. ફા૦ **શકૂલ**, "ફાંસો."
૨. હા ૪૮મો, ફ૦ ૪, લીં૦ ૩.
૩. ઍજ હાનો ફ૦ ૫, લીં૦ ૩.
૪. ઍજ હાનો ફ૦ ૫, લીં૦ ૪.
૫. ઍજ હાનો ફ૦ ૬, લીં૦ ૧, ૨.
૬. ઍજ હાનો ફ૦ ૭, લીં૦ ૧, ૩.
૭. હા ૪૮મો, ફ૦ ૯, લીં૦ ૨.
૮. ઍજ હાનો ફ૦ ૯, લીં૦ ૩.
૯. ઍજ હાનો ફ૦ ૧૧, લીં૦ ૩.

સર્વથી સરસ હોય તેની પાસે ક્રશોગર્દના વખતે ડહાપણ સાથે જોડાયલી પાદશાહી આવે છે; અને તે તે ખોરેહમાં વીંટલાયલી હોય છે જેનાથી ખરાબીનો નાશ તથા અશો લોકોનો વધારો થાય છે; અને તેના દોસ્ત હોય તેની પાસે વોહૂમનૂમાંની હુશીયારી આવે છે.[૧]

(૨૬) આ પણ કે તે લોકો દહાડાનો વધારો કરનારા છે, અને તેઓ દેશમા ફાયદો કરનારા છે,[૨] અને તેઓની રસમો, જ્યાંથી ઊભી થઈ હોય ત્યાં જે ગુસ્સાવાળો હોય તેની સામે થનારી છે.[૩] (૨૭) અને આ પણ કે દેવોના નાશ કરવાના હેતુથી તેઓ તે સબબ સારૂ બાબઓ તથા બેહનોને ઉંચાં કરશે, જેથી તેઓ એકમેકની ઈચ્છા સાથે સ્વભોગ આપશે; [૪] અને લગભગ બપોર અગાઉ [૫] તેઓ પોતાના ચેહરાની વચમાં ઝળકતું ખોરેહ પેદા કરશે, ઉંચે ચઢતું, હીલતું, ફતેહમંદ, અને રોશનીવાળું, અને તેઓ તે ઝળકાટ ઉંચે દેખાય એવો કરશે, અને ત્રણ બાંણુની લંબાઈવાળા દરેક ત્રણ ભાલાની[૬] ઉંચાઇની ઉંચે ખુલ્લું દેખાશે, અને બપોર પછી તેઓ તેનાં જતા રહેવાની ખબર જાણવા પામશે; અને સર્વથી પહેલા નાશ કરનાર દ્રુજને તેઓ લઈ જશે.

(૨૮) કૂશિત બાંધનારા લોકો વિષે, તેઓ કયાં તેની ખાસ ફરજ્યે બજાવશે, અને એવી રીતે તેઓ દેખાવમાં દયાળુ થાય છે.

(૨૯) અશોઇની આબાદી સર્વથી શ્રેષ્ઠ છે.

બાબ ૪૧મો, વશ્ત્–માન્સર્ નસ્ક.

(૧) ઓગણીસમી ફર્ગર્દ, **અદૂ–માયવા**,[૭] ક્રશોગર્દનાં દુઃખી લોકોના બચાવ માટે બચાવ કરનાર તરફનાં રક્ષણ વિષે છે.[૮] (૨) પેદા કરનારની હસ્તિ, જે માન્યતાનું મુળ કારણ છે, તેની ડહાપણથી ખાતરી કરવા અગાઉ, જે લોકોએ માન્યતાનું મુળ કારણ મેળવ્યું ન હોય તેઓની ખાતરી કરવી અશક્ય છે તે વિષે.

(૩) એક પાપી જડજથી દીનને થતાં ભયંકર દુઃખ[૯] વિષે, જે જડજ તેની ઈન્સાફની જગોએથી ઈન્સાફ વગરના, ખરાબ, તથા ડહાપણના દુશ્મન જેવા ચુકાદાઓ બહાર પાડે છે; વળી તે પોતે સચાઈથી ઘાયલ થાય છે,[૧૦] અને સાચાં લોકોથી તે કંટાળે છે, અને બુરો મીનો તેનામાં રહેઠાણ કરે છે; ઈન્સાફી જડજોના મ્હોટા બદલા

---

૧. જીજ હાનો ફ. ૧૧, લીં. ૪.
૨. જુઓ ગાથાનો પહેલવી તરજુમો, હા ૪૮ મો, ફ. ૧૨, લીં. ૧.
૩. જીજ હાનો ફ. ૧૨, લીં. ૪.
૪. જુઓ "પુરાતન ઈરાનમાં શ્વેતદથ લગનની કહેવાતી રસમ" ઉપરના મારા રેસાલામાંનો.
૫. એટલે હાવન્ ગાહમાં.
૬. એટલે ૪૨ ફીટ જેટલી.
૭. ગાથા હા ૪૯મો.
૮. હા ૪૯મો, ફ. ૧, લીં. ૧.
૯. જીજ હાનો ફ. ૨, લીં. ૧.
૧૦. જીજ હાનો ફ. ૨, લીં. ૨.

તથા તેઓથી દીનને થતા ફાયદા વિષે, અને ભલાઈમાંની સરદારી ઉંચી કરનારી ખાહેશ.[૧] (૪) અને બુરા, ખરાબ ડહાપણવાળા, કમઅક્કલ, અને આળસુ માણસ જેનામાં ગુસ્સો અને અદેખાઈ સર્પની માફક ગુંછળું વળીને રહે છે તેની દોસ્તીથી જુદા પડવા વિષે.[૨] (૫) અને ગુનાહગારપણામાંથી પોતાની ગરદન બચાવે તેઓની સારી પાદશાહી વિષે, અને ગુનાહગારપણાંને લીધે જેઓ પાછો અને પાછો ગુનાહ કરે તેઓની બુરી સજા. (૬) અને આ પણ કે પાપી લોકો પોતાનાંજ લોકો તરફ પાપી હોય છે, અને તેઓને દોજખ માટે લાયક બનાવે છે; તેથી વળી જેઓ તેઓને વધુ ચાહે છે, અને અશોઇથી વધુ ચાહે છે, અને તેઓની પાદશાહી ઓછું રક્ષણ આપે છે.

(૭) જરથુશ્ત્રની વખાણ વિષે આ પણ કહ્યું છે કેઃ "તારો મીઠાસ તથા તારૂં સુભાષણ દુનિયાને દેખાડવામાં આવે છે, તારી તે દીનની સરદારી વોહૂમનથી છે, અને તું અશોઇથી બરાબર માહીતગાર છે."[૩] (૮) સવાબનાં કામોની સરદારીમાં, ભલાઈમાં, શિક્ષણુપર ધ્યાન આપવામાં તથા સાચું બોલવામાં, અને દુનિયાને ધાસચારાવાળી કરવામાં તથા ખેડવામાં, ફાયદાવાળાં કામો કરવામાં, અને બુરા લોકોને સરદારી ન આપવામાં ક્રશઓશ્ત્રના જુસ્સાની વખાણ વિષે. (૯) જામાસ્પના પણ જુસ્સા તથા દસ્તુરીની વખાણ વિષે. (૧૦) વોહૂમનથી થતાં ભલાં પ્રાણીઓનાં રક્ષણ વિષે, અને વળી સ્પેન્દા-આર્મઇતિથી થતું અશો લોકોનાં રવાનોનું રક્ષણ.

(૧૧) પોતાનાં રાજ્યમાં ગેરકાયદેસર કાંઈ પણ ચીજ જપ્ત કરે એવા બુરા પાદશાહની સજા વિષે.[૪] (૧૨) વળી તે બુરો માણસ જે બુરૂં વિચારનારો, બુરૂં બોલનારો, બુરૂં કરનારો, બુરી દીનવાળો અને બુરો પાદશાહ હોય તેની દોજખમાંની ભયંકર સજા વિષે. (૧૩) તેણે ચાહેલા બદલા સારૂ, તેને સંતોષ આપવા માટે અમેશસ્પંદોએ જરથુશ્ત્રને આપેલા જવાબ વિષે.

(૧૪) અશોઇ શ્રેષ્ઠ આબાદી છે.

બાબ ૪૨મો, વર્ત્-માન્સર્ નસ્ક.

(૧) વીસમી ફર્ગદ, કદ્-મોઈ-રવક્,[૫] રવાનના ખોરાક[૬] તરીકે કાંઇપણ ચીજ માંગવા વિષે છે,[૭] અને તે શત્રવઇર્યએ જરથુશ્ત્રને એમ કેહવાથી થાય છેઃ "તારે એમ વિચારવું જોઇએ, ઓ સ્પીતામાન્! કે અહુરમજ્દ તને મદદ કરે છે." (૨) આ પણ કહ્યું છે કે અહુરમજ્દનાં પ્રાણીઓ હુઉર્વતાતૂથી જીવે છે, એમેરેતાતૂથી અમર થાય છે, સ્પેન્ત-આર્મઇતિથી અહુરમજ્દની સંપૂર્ણ મનશની ધરાવે છે, અને શત્રવઇર્યથી તેને પાદશાહ તરીકે ગણે છે.

---

૧. હા ૪૯મો, ફ્. ૩, લીં. ૩.
૨. હા ૪૯મો, ફ્. ૪, લીં. ૩.
૩. ખોર્દ હાનો ફ્. ૫, લીં. ૧, ૨, ૩.
૪. ખોર્દ હાનો ફ્. ૧૧, લીં. ૧.
૫. અવ૰ કદ્-મોઈ-ઉર્વા,
૬. ફા૰ તૂશહ્, "ખોરાક."
૭. યસ્ન હા ૫૦ મો, ફ્. ૧, લીં. ૧.

(૩). પ્રમાણીકપણાં પાસેથી દોલત માંગવા વિષે; જે માણસ સારા હેતુથી કાંઈ માંગે છે તેને જો બુરા લોકોના જુલમથી અથવા કોઈ બીજી વિરૂદ્ધતાને લીધે તે મળતું નથી તો યઝ્દો તેનો બદલો તેને મીનોઈ જહાનમાં ખચીતજ આપે છે જે તે દોલત કરતાં વધુ સારો છે. (૪) અને તે લડનાર જે પોતાનું ભલું જોર આપી દે છે, અને યઝ્દોની મરજીની મદદથી અને ઈરાનના ફાયદા માટે, તથા ઈરાનની બહારનાં લોકોનું જોર તોડવા તથા ઓછું કરવા ધરાવે છે, તેને માટેનાં કીમતી ઢોર વિષે. [૧] (૫) ખુદાની શીખામણ તથા હુકમ આગળ વધારવા માટેની આદમજાતની ખાહેશ વિષે, એટલી બધી કે નૈતિક બળ તેઓને યઝ્દો તરફથી જ્ઞાન મેળવવા માટે મદદ જેવું છે, અને તે શીખામણ તથા હુકમ આગળ વધારવાથી તેઓનું બહેશ્ત મેળવવું. (૬) અઈ-વંધુહીના તથા હુઓમ યઝ્દના [૨] ડહાપણ, પાદશાહી, ઉદારતા, તથા સચાઇના મીનો તરફથી અશો લોકોને બહેશ્તના રસ્તાપર મળતી મદદ વિષે.

(૭) આતશની ક્રિયા પુરી થયા પછી, પાણીને ઇજેલું પાણી અર્પણ કરતાં, અવસ્તા ભણતી વખતે, જ્યોતિની જગોએથી જ્યોતિના ત્રણ પગલાં આગળ વધવાના સબબ વિષે; હમેશાં જરથુશ્ત્ર સામેની ગુફ્તેગો પુરી થયા પછી આખી મીજલસને અમેશસ્પંદોએ, ત્રણ પગલાં દુનિયાથી હુવર્શેદ્ પાયા સુધી, હૂમત, હૂખ્ત તથા હૂવર્શ્તના બહેશ્તમાં થઇનેલઈ જવા વિષે.

(૮) અમેશસ્પંદોની ખાસીયત વિષે વળી જરથુશ્ત્રને શીખામણ; તેઓની નજરથી દૂર થવા પછી પણ તેઓની આરાધનાની યાદ. (૯) અને આ પણ કહ્યું છે કે તેથી તે માણસ જેનો સ્વભાવ તથા ખાસીયત ડહાપણવાળાં હોય છે તેનાં પોતાનાં કામો અમેશસ્પંદોની ખાસીયત સાથે મળતાં થાય છે. (૧૦) સારાં કામોની પુષ્કળતાથી જરથુશ્ત્રની સારી સગાઇ વિષે આ પણ કહ્યું છે કે: "તેમ જે સઘળાં કામો તું કરવાનો હોય અને જે વળી તેં કીધાં હોય તે સર્વ માટે તારે સારૂં બદલો છે, ઓ જરથુશ્ત્ર!"

(૧૧) અને જરથુશ્ત્રને શીખામણ સારૂ આ પણ કહ્યું છે કે: "તારે યઝ્દોને માન આપવું જોઇએ કે જેથી માણસો તને માન આપે." (૧૨) સારાં કામોને માટેની ચુંટણી સારૂં, દિવસ તથા રાતના સઘળા કલાકોની ગણત્રી વિષે; આ પણ કે, જે કોઇ મેહનતુ હોય અને હમેશાં સવાબનાં કામો કરતો હોય અને જે કોઇ તેનાથી બની શકે એટલાં સારાં કામો કરતો હોય તેને તેની ખાહેશ મુજબ બદલો મળે છે.

(૧૩) અશોઇ સર્વોત્તમ આબાદી છે.

બાબ ૪૩મો, વશ્ત્-માન્સર્ નસ્ક.

(૧) એકવીસમી ફ્રર્ગદ્, વોહુ-ખ્શાથ્રેમ્[૪], માં અહુરમજ્દે કહ્યું છે કે: "ઓ જરથુશ્ત્ર! એક સારા પાદશાહ માટેની ખાહેશ મેં પેદા કરી છે;" [૫] અને આ પણ કહ્યું છે કે જ્યારે દુનિયાના હિસ્સાને લાયકના ભલા પાદશાહ માટેની ખાહેશ હોય, ત્યારે

---

૧. ખ્શેજ હાનો ફ. ૩, લીં. ૧, ૩.

૨. જુખ્શો યસ્ન હા ૯-૧૦ જે હુખ્શોમ યઝ્દ વિષે છે.

૩. યસ્ન હા ૫૦મો, ફ. ૧૧, લીં. ૪. ૪. યસ્ન હા ૫૧મો, અસલ પહલવી લખાણમાં ખ્શને ભુલથી ૨૨મી ફ્રર્ગદ્ કહી છે.

૫. હા ૫૧મો, ફ. ૧, લીં. ૧.

જે કોઇ દુનિયાના હિસ્સાને લાયકનો હોય તે, તેને જે હિસ્સો આપવામાં આવે છે તેને લીધે, વળી તે દુનિયાનો વધારનાર થાય છે; અને જે કોઈ હિસ્સાની ભેટથી દુનિયાને વધારનાર હોય તેનું હિસ્સો આપવું તે મદદગારની ભેટ છે[૧]; મદદગારની ભેટ સંપૂર્ણ કાર્ય છે; અને કામની સરસાઇ વિચાર તથા બોલવાથી છે.

(૨) તે જગા વિષે જ્યાં શ્રેષ્ઠ દોલત, પાણી, અને જમીન, અને ઝાડોની પેદાયશ હોય; વળી ઉત્તમ ખાહેશ દીનને માટેની, તથા પાદશાહીની ઉદારતા માટેની ગરજ છે. (૩) યજ્દોના જવાબની સામે થવાના શબ્દો સાથે પણ, યજ્દો પાસેથી ભેટો માંગવા વિષે, અને લાયક માણસોની ભેટો સારૂ બરાબર તકરાર કરવા વિષે. (૪) એકમેક સાથે હુશીયાર યાદ અને ડહાપણ ભરેલી ચુંટણીનાં જોરના સંબંધ વિષે. (૫) ભલી પેદાયશોના સંબંધમાં તપાસ કરવા સારૂ, સર્વથી ઉંચાં બહેશ્તમાં મીનોઇ દયા તથા સરદારીની પાછળ જવા વિષે[૨].

(૬) ભલાં કામોના વધારા સાથે મળતું તે જ્ઞાન માંગવા તથા શિખવા વિષે; વળી તેથી દોલત અણદીઠ રીતે મેળવવી[૩]. (૭) આ પણ કે જે કોઈ, દીનના સાચા દસ્તુરને પોતાનું શરીર, નમનતાબથી તથા માનથી આપી દે છે, તે દીનમાં હુશીયાર થાય છે[૪]; અને જે કોઈ ભલો હોય તેને માટે તે જે ભલાઈ પેદા કરે છે તે યજ્દો તરફની જે ઉદારતા મળે છે તે છે[૫]. (૮) પ્રાણીઓના ખોરાક, સુધારા તથા ક્રમ માટે અહુરમજ્દે પાણી, ઝાડો, જનાવરો[૬] અને અસલ દીનને પેદા કરવા વિષે. (૯) જ્યારે ભરોસાલાયક ડહાપણ અને સર્વથી ભલી ખાસીયતવાળો માણસ તે ભણે ત્યારે દીનની **માંથ્રના** મીનોનાં સુખ વિષે.

(૧૦) આ પણ કે તે પાપી માણસ જે એમ ન માને કે તે જે ઠગાઈ બીજાને શીખવે છે તે તેનાં અંતઃકરણથી તેની પોતાની છે; પણ જ્યારે તે ઘણાં લોકોને તે શીખવે છે ત્યારે તેથી તે એમ માને છે કે તે શિક્ષણથી ઉઘાડી ઠગાઈ, જાહેર જુઠ્ઠાણું તથા નાશકારક માન્યતા ઉપર સાહેબી મેળવે છે.

(૧૧) અને આ દુનિયાનાં આદમજાતની વળી આતશ અને પીગળેલી ધાતુથી ક્રશોગર્દ કરવાની તૈયારી વિષે[૭]; તેથી આ દુનિયામાં, કાયદાના સંબંધમાં, નિર્દોષ તથા ગુનાહગાર, જાહેર થયા છે[૮]; અને તેજ મુજબ ક્રશોગર્દ વખતે પાપી લોકોની ધાયલ થયલી હાલત તથા અશો લોકોની ખુશાલી થશે[૯]. (૧૨) પાપી લોકોથી

---

૧. હા ૫૧મો, ફ. ૧, લીં. ૨, ૩.
૨. હા ૫૧મો, ફ. ૪, લીં. ૧.
૩. ઍજ હાનો ફ. ૫, લીં. ૧. અહીં ગઍોસ્પંદોને દોલતને અર્થે વાપર્યો છે.
૪. ઍજ હાનો ફ. ૫, લીં. ૩.
૫. ઍજ હાનો ફ. ૬, લીં ૧.
૬. ઍજ હાનો ફ. ૭, લીં ૧.
૭. ઍજ હાનો ફ. ૯, લીં. ૨.
૮. ઍજ હાનો ફ. ૯, લીં. ૧.
૯. ઍજ હાનો ફ. ૯, લીં. ૩.

ધારતીમાં વળી મદદ સારૂ વોહૂમન્ તથા અશવહિશ્તને બોલાવવા વિષે[૧]; અને ફક્ત અશોઇથી બહેશ્તને કોઇનું પોતાનું કરવા વિષે. (૧૩) અને આ પણ કે અશો લોકોને માટે શ્રેષ્ટ બહેશ્તમાં માણસોનું સારૂં આવવું થાય છે, પણ પાપી લોકોથી કોઇનું પણ આવવું નહીં.

(૧૪) જરથુશ્ત્ર સામે અંધારાં રહેઠાણના બુરી દીનવાળા કઈ[૨], ગુલામખારગી અખ્તની[૩] દુશ્મની વિષે, અને તેનાથી તથા તેના જેવા બુરા લોકોથી જે લોકો સારા જરથુશ્ત્ર છે તેઓમાં થતી ખલલ, અને સઘળી દોજખની હયાતિ તેઓ સારૂ છે[૪]. (૧૫) નેકીથી કઈ તથા કરપ્નું રહેઠાણ બંધ થવા વિષે; અને આ પણ કે તેઓ દુન્યવી પેદાયશ વધારતા નથી, કે મીનોઈ સણગારતા નથી, પણ તેઓ આ દુનિયાને ઓછી કરે છે, અને મીનોઇને વીખેરી નાંખે છે.

(૧૬) શ્રેષ્ઠતા સિવાય પણ, તેના મ્હોટા હુન્નર તથા મહેનતને લીધે કઈ વિશ્તાસ્પની[૫] પાદશાહીની લાયકાત વિષે. (૧૭) તેણે જરથુશ્ત્રને લગનમાં હ્વોવ આપી તેને માટે ક્રશોસ્ત્રની વખાણ વિષે; જરથુશ્ત્રને તેણીએ સંપૂર્ણ માન આપ્યું તે સારૂ હ્વોવની વખાણ; અને ઘરની શેઠાણીની જગા માટે હ્વોવને ખાસ હકવાળી બનાવવા વિષે, જરથુશ્ત્રને શીખામણ.[૬] (૧૮) દરેક જાતની અશોઇની ઉત્તમતા, પાદશાહી માટેનો પ્યાર પોતાનો કરવા માટે, અને તેના દીન ભણવાનાં કામ, જે કામમાં તેને વોહૂમનના હુકમથી[૭] જરથુશ્ત્રે મદદ કરી હતી, તે માટે તેણે કીર્તિ તથા ડહાપણ માંગવા સારૂ જામારપની[૮] વખાણ વિષે. (૧૯) દીનને ટેકો આપવા તથા ફેલાવવાનાં તેનાં કામને લીધે; તેણે દીન કબુલ કરવા તથા બજાવવા સારૂ મથદ્દોગ્-માહ્નની વખાણ[૯] વિષે; મધરાત અગાઉ બુરાં લોકોની બુમ, ભેગો હુમલો, ખરાબ ખોરાક, અને બીજી આફતો, જે તેવાંજ કારણને માટે જરથુશ્ત્રને ખમવાં પડ્યાં હતાં; અને યજદોની ખુશાલી સારૂ અહુરમજદનો કાયદો ભણવા વિષે,[૧૦] અને તેણે બહેશ્તને પોતાનું બનાવવું.

(૨૦) મીનોઈ શિક્ષણની શરૂઆતમાં જરથુશ્ત્રનાં મનના આખા સ્વભાવની સંપૂર્ણતા વિષે, અને તેનાથી તેનો વધારો; જ્ઞાનની હદ તથા ફાયદો બન્ને, જે શરીરની શક્તિમાં વોહૂમનનાં રાજ્યને લીધે છે, તે અશોઇમાં દુનિયાના વધારાથી છે[૧૧].

---

૧. યસ્ન હા પ૧મો, ફ્ર. ૧૦, લીં. ૩.
૨. ઍજ હાનો ફ્ર. ૧૨, લીં. ૧.
૩. આવાં યશ્ત્, ફ્ર. ૮૨, અખ્ત્યો દુજદાઓ તેમંધૂઉહાઓ, યોશ્ત-ઇ-ક્રયાનની વાતમાં આવતો જાદુગર અખ્ત યાતુ.
૪. ઍજ હાનો ફ્ર. ૧૪, લીં. ૩.
૫. હા પ૧મો, ફ્ર. ૧૬, લીં. ૧.
૬. ઍજ હાનો ફ્ર. ૧૭, લીં. ૧, ૩.
૭. ઍજ હાનો ફ્ર. ૧૮, લીં. ૨.
૮. ઍજ હાનો ફ્ર. ૧૮, લીં. ૧.
૯. ઍજ હાનો ફ્ર. ૧૯, લીં. ૧, ૨, ૩.
૧૦. ઍજ હાનો ફ્ર. ૧૯, લી. ૩.
૧૧. ઍજ હાનો ફ્ર. ૨૧, લીં. ૨.

(૨૧) જરથુશ્ત્ર તરફની ક્રિયા તથા માનની શ્રેષ્ઠતા વિષે, અને તેના બદલાની ઉત્તમતા; વળી પહેલાં અહુરમજ્દને, અને સઘળા યજ્દોને તેઓનાં નામથી તેઓની મ્હોટાઈ પ્રમાણે આરાધના કરવા સારૂ તેને શીખામણ.

(૨૨) અશોઇની શ્રેષ્ઠતા સર્વથી સરસ છે.

બાબ ૪૪મો, વશ્ત્–માન્સર્ નસ્ક.

(૧) બાવીસમી ફ્રર્ગર્દ, વાહ્મશ્તોઇશ્ત,[૧] ભલી દીનની સંપૂર્ણતા ચાહે તે લોકો વિષે છે, અને તે વિષેની માહીતિ. (૨) જરથુશ્ત્રના આવવાની અગાઉ પણ, સ્પીતામનાં ઘરનાં[૨] દરેક કુટુંબ પાસે કીર્તિએ જવા વિષે; તે કુટુંબમાંથી પેદા થયલાં લોકોનાં જ્ઞાન અને રચનાના કાયદાઓ, અને દસ્તુરી સત્તા; તેઓમાં ઘરો, ગામડાંઓ, શહેરો અને જીલ્લાઓનો સમાવેશ; ખોલો તથા કામોની યોગ્યતાથી, દુનિયાનાં લોકોને ગુનાહ તરફથી સવાબ તરફ તેનાં ખેંચવા અને મ્હોટાં કરવાં; અને ભલી દીનના આવી પહોંચવાથી પણ, તે દુનિયાનાં લોકોને માનતાં બનાવે છે. (૩) અને આ પણ કે કઈ-વિશ્તાસ્પની હયાતિ,–તે જરથુશ્ત્રની ખાહેશ,–અને હ્વોગ્વના[૩] ફ્રશોશ્ત્રની હયાતિ તેથી છે.

(૪) ડહાપણ સાથે ભલી દીનને ચાહવા સારૂ, અને દીનની શીખામણો પ્રમાણે ચાલવા સારૂ, જરથુશ્ત્ર તરફ પોતાની દીકરી તરીકેનું કામ બજાવવું, તેની તરફની પોતાની ફરજ તથા માન સંપૂર્ણપણે દેખાડવાં, અને જરથુશ્ત્ર પછી તેણીએ જામાસ્પ[૪] તરફ માન દેખાડી પોતાની સ્ત્રીની ફરજો બજાવવા માટે, જરથુશ્ત્રની દીકરી, પોઉરુચિશ્તાની[૫] વખાણ વિષે; તેજ પ્રમાણે તેની દીનદારી તથા યજ્દો તરફની ફીદાગીરી સારૂ અહુરમજ્દ તરફનો મ્હોટો બદલો. (૫) હૂનોસની[૬] વખાણ વિષે, જેણીથી મજ્દયસ્નની દીનનું આગળ વધવું થાય છે, અશોઈના વધારાને લીધે તથા સઘળા દેવોને હરાવવાથી, તેણીની દીનની મ્હોટાઈથી દુનિયામાં જે સવાબનાં કામો તથા ફાયદો વધે છે તેને લીધે; અને તેને માટે તેણીનો ખુદાનો આભાર માનવો, અને તેણીની અહીં તેમજ ત્યાં[૭] મ્હોટી પદવી.

(૬) સેવટના વખતની તૈયારી કરે તથા તેને સણગારે તે લોકોની ખાસીયતો વિષે; આ, પણ, કે: "તે તેઓની જાહેરાત છે, ઓ સ્પીતામાન્ જરથુશ્ત્ર! જેઓ દુનિયાઓમાં ફ્રશોગર્દ કરશે; તેઓ હુશીઆર, દુઃખથી ઓછા હેરાન થયલા, સંપૂર્ણ મનશ્નીવાળા છે, જેથી જ્યારે તેઓને દુઘ પહોંચે છે, ત્યારે તેઓ તે જોરવે છે; તેઓને બીક કે દુઃખ

---

૧. યસ્ન હા ૫૩ મો.

૨. જુઅો હા ૫૩મો, ફ્. ૨, લીં. ૩. સરખાવો બાબ ૩૮મો, ફ્. ૨૩.

૩. ફ્રશોશ્ત્રનાં કુટુંબનું નામ.

૪. યસ્ન હા ૫૩મો, ફ્. ૩, લીં. ૨, ૩.

૫. અવ. પોઉરુચિસ્તા, જરથુશ્ત્રની દીકરી, જે વિશ્તાસ્પના વડા વજીર જામાસ્પ સાથે પરણી હતી. જુઅો યસ્ન હા ૫૩મો, ફ્. ૩, લીં. ૨.

૬. ગ્મેજ હાનો ફ્. ૫, લીં. ૧. શાહ વિશ્તાસ્પની સ્ત્રીનું નામ.

૭. ગ્મેટલે બીજી દુનિયામાં.

નથી, વળી જેઓ અશો ખાહેશથી અશો છે, તેઓ પાસે તેઓ જુદ્દા અથવા ખોટા બોલો બોલતા નથી. " (૭) તે લોકોની ખાસીયતો વિષે, જેઓ સેવટને રદ કરે તથા તેના જમાનાને હરકત કરે; આ પણ કહ્યું કે: "તે તેઓની જાહેરાત છે, ઓ સ્પીતામાન્ જરથુશ્ત્ર! જેઓ દુનિયાનો નાશ કરનારા છે; તેઓ માટે જલદી ઉપાય છે, એટલે કે, તેઓ ઘણા જલદી ખવાઇ [૧] જાય છે, અને તેઓ ખરાબ તથા ભયંકર રહેઠાણનાં દુઃખમાં છે; તેઓ વિચારમાં અપૂર્ણ છે તેથી તેઓ દુધ જેવી શકતા નથી; તેઓની બીકનો ઉપાય નથી, અને જેઓ અશો ખાહેશથી અશો છે તેઓ પાસે વળી જુદ્દા તથા ખોટા શબ્દો બોલે છે. "

(૮) દ્રુજ માટેની ખાહેશ વિષે, દ્રુજની દોરતી, અને દેવોનાં શિક્ષણ આપનારાથી [૨] દ્રુજને મળતો સંતોષ, આગળ વધવાની ગેરહાજરી જેને માટે તેઓ વિલાપ કરે છે તેથી પણ અહુરમજ્દનાં પ્રાણીઓનું દુઃખ તે ચાલુ રાખે છે; વળી તે દુનિયામાં ઠગાઇથી બોલે તેથી થતો ઘોંટાળો; તેની સાથે ગભરાટ તથા ઝડપી મ્હોતનું તથા સર્વથી ભયંકર દોજખી જીંદગીનું જોડાણ. (૯) અશોઇને હરાવવામાં તેઓના તે પાપી શાગેર્દો [૩] તથા દોરતો વિષે, અને વળી દુનિયાની વધુ મ્હોટી દીનદારીનો નાશ કરવામાં તથા સેવટે રવાનને ગુનાહગાર કરવામાં.

(૧૦) સારાં રાજ કરનારો માણસ હોય તેની કીર્તિ વિખેરાઇ જવા વિષે, અને યજ્દોએ દુનિયાનાં પ્રાણીઓને સંતોષ આપવો; આ પણ તે કહે છે કે: બુરાં જોરનો બનાવનાર, તથા દુઃખને તૈયાર કરનાર, જ્યાં તેઓ દુનિયામાં દરદ તથા દુઃખ ચાલુ કરશે, [૪] તેઓ છે કે જેઓ અશો લોકોને નબળાં કરનાર તથા ખરાબ કરનાર છે; તે અશો પાદશાહ છે જે તેઓને મારે છે તથા સામે થાય છે, એટલે કે, જે તેઓને ગુનાહથી દૂર રાખે છે, અને પોતાની મરજી મુજબ તેઓ પર કાનો લે છે; [૫] તે લોકોની, ઓ અહુરમજ્દ! આ તારી પાદશાહી છે, જેઓને તું સુખ આપે છે; તે કે જે રાસ્ત અને ગરીબ જીંદગી ગુજારે છે. [૬]

(૧૧) સંપૂર્ણ શ્રેષ્ઠતા અશોઈ છે.

યાઅ ૪૫મો, વશ્ત્-માન્સર્ નસ્ક.

(૧) તેવીસમી ફ્રગેર્દ, અઇર્યમન્, [૭] અઇર્યમન્ની બંદગી વિશે છે. "તે એક જે હું તને કહું છું, ઓ સ્પીતામાન્! તે એવાજ અવસ્તામાં સઘળી પવિત્ર બંદગીઓમાંની સર્વથી મ્હોટી છે; આ સર્વથી સરસ છે, કેમકે મેં આપેલી દરેક જાતની બંદગીઓમાં તે સર્વથી

---

૧. સરખાવો ફા૦ ખાયન્દહ્, "ચાવેલું," "ખવાયલું."
૨. પઓતાઓર્, "એક મીરાનરી," "ધર્મબોધ કરનાર".
૩. યસ્ન હા પઉમો ફ. ૮, લીં. ૪.
૪. એજ હાનો ફ. ૯, લીં. ૧.
૫. યસ્ન હા પઉમો, ફ. ૯, લીં. ૩.
૬. એજ હાનો ફ. ૯, લીં. ૪.
૭. પહલવીમાં અઇરેમન્. યસ્ન હા ૫૪માં આપેલી અઇર્યમાઇશ્યોની અવસ્તા બંદગી.

વધુ અસરકારક છે. [૧] (૨) જે **અઇર્યમનૂ**ની બંદગી તેઓએ ભણવી જોઇએ જેઓ ફાયદાવાળા છે, અને જેઓ તે મ્હોટે સાદે ભણવાથી, ઓ **સ્પીતામાન્** ! મ્હોટા થાય છે. (૩) તે એક જણ જે બુરો મીનો છે, જે ખરાબ દીનવાળો છે, ઓ **જરથુસ્ત્ર** ! પોતાની પેદાયશમાં, ઓ **સ્પીતામાન્** ! તે જમીનમાં દટાઈ જાય છે; તે બુરો મીનો જમીનમાં દટાયલાંઓમાંનો એક છે, જેઓ દેવો છે જ્યાં તેઓનાં શારીરીક હાડપીંજરો ભાંગી નાંખવામાં આવે છે. (૪) અને જેની મદદથી તેઓ શરીરને જીંદગી પાછી આપે છે તેઓથી મરણ પામેલાંઓને ઉંચે ગોઠવવામાં આવે છે, અને તેઓ શરીરવાળી જીંદગી ધરાવે છે એવી કે તેઓ મરી જતાં નથી. ”

(૫) અશોઇની શ્રેષ્ઠતા સંપૂર્ણ છે.

બાબ ૪૬મો, બગ નસ્ક.

(૧) દાદાર **અહુરમજ્દ** અને સઘળા યજ્દોની ખુશાલી.

(૨) **બગ નસ્ક**ની [૨] બાવીસ ફ્રર્ગદમાંની પહેલી **અહુનવઇર્** [૩] છે, **બગ**માંની એક, **અમેશસ્પંદ** [૪] સિવાય, અને **અમેશસ્પંદ**ની અરજ પરથી દરેક પેદાયશની અગાઉ તેને **અહુરમજ્દે** પેદા કરવા વિષે ; તે શબ્દોની ખીલવણી, જે સર્વ જોનાર તથા હુશિયાર દીનની સર્વથી અંદરની અને સમજવાળી બાબતો તથા સર્વથી સરસ ટાળાંવાળાં શરીર જેવા છે.

(૩) બીજાનાં આ બીજના [૫] ભાગો, અને ભલી દીનના બીજા સઘળા શબ્દોની શરૂઆત **અહુનવઇર્**ના ભાગની વહેંચણી છે. (૪) અને **અહુનવઇર્**ના **અહુનાવિર્**નો **અહુન** પહેલું નામ છે, જે પહેલાંના સંબંધમાં તેનું ખાસ નામ છે, જે તે દાદાર જે વળી **અહુરમજ્દ** છે તેની તરફથી મળે છે, અને આદમજાત તરફથી તેની લાયકાત [૬]. (૫) પહેલા દાદાર સાથે જે વિચાર હસ્તિ ધરાવે છે તે શબ્દ, જે **વઇર્યો**, તેની મરજી છે, તેની સાથે જોડાયલો છે, જે હયાતિની પહેલી હાલતના સંબંધનાં નામના બીજા ભાગમાં છે ; જેઓ ખાસ કારણ છે તેઓની તે ખાસ કરીને અસલ બીજી હાલત છે, જેઓ જાણે શારીરીક દેખાવ સાથે રહે છે, અને તે રીતે બીજાં નામ સાથે

---

૧. **અઇર્યમન્** યજ્દ મનની શાંતિ, આસાયશ તથા ખુશાલી આપે છે.

૨. **નસ્ક**ોમાંનું ત્રીજું તથા ગાથાના વિભાગનું ચોથું નસ્ક. એમાં ગાથાની છુટી છુટી સરેહ આવેલી છે, અને દરેક હાને માટે જુદી ફ્રર્ગદ આપવામાં આવી છે. એ નસ્કની પહેલી ત્રણ ફ્રર્ગદ આપણને હજી પણ યસ્ન્ હા ૧૯-૨૧માં મળે છે.

૩. **યથા-અહૂ-વઇર્યો** બંદગીનું નામ.

૪. કદાચ અહીં **અહુરએ** પેદા કરેલા પહેલા **અમેશાસ્પંદ**, **વોહૂમન્** વિષે, અથવા સઘળા **અમેશાસ્પંદો** વિષે ઇશારો હોય.

૫. એટલે **અહુનવર**ની બંદગીના.

૬. બીજી પેદાયશોની અગાઉ આ બંદગી માણસોએ ભણી હતી એવી માન્યતા છે. જુઓ યસ્ન હા ૧૯મો, ફ. ૨-૫, ૧૭-૨૦.

જોડાયલાં છે.[૧] (૬) તે પહેલાં નામનું ખુદા સાથનું જોડાણ, જે **માંથ્ર**ની શરૂઆત છે, તે સાથે થવાનું હતું તે થયું છે, અને તે આ બંદગીનું મૂળ છે; અને આખાં ભણતરમાંથી **માંથ્ર**ની એક જાતમાં તેના ભાગોની વહેંચણી; વળી તેનું નામ **યથા-અહૂ-વઇર્યો** છે; અને તે મીનો જેનાથી તે ફેલાવવામાં આવે છે તે હાજરતમંદ પ્રાણીઓમાં અને તે પવિત્ર હથિયારમાં સમાવેલાં ડહાપણને લીધે પેદાયશમાં, દીનની ફીલસુફી છે; અને તે દીન પણ **અમેશસ્પંદ**ની[૨] **અરજ** ઉપરથી પેદા કરવામાં આવી હતી; આ પણ કે **અમેશસ્પંદો** બોલવામાં ડહાપણવાળા છે, અને ડહાપણથી તેઓ **અમેશસ્પંદો** છે[૩].

(૭) અને **તેજ** શબ્દોમાટે આ પણ કે તે શ્રેષ્ઠ શબ્દોવાળી તે બંદગી છે, જે બોલાયલી છે અને બોલવામાં આવનાર છે;[૪] અને શબ્દોના મૂળના ઉચ્ચાર માટે કાંઈ અસ્પષ્ટતા નથી, પણ તે થોડા શબ્દોમાં સમાવેલી બંદગીના એવા શબ્દોની કહેણુતાની જુદીજુદી ખાસીયતો વિષે છે. (૮) આ પણ કે આદમજાત **અહુનવર** મુજબ શીખવાથી, ભણવાથી તથા ચાલવાથી રવાનને દોજખથી બચાવે છે, અને શરીરને તેમાં હમેશાં ચાલુ રહેવાથી મરણથી બચાવે છે.[૫]

(૯) આ પણ કે **અહુનવર**નો પહેલો ભાગ, જેનું નામ **અગાન્ અહુનવઇર્** છે, જ્યારે, મ્હોટેથી ભણતાં એક જણ કોઈ ક્રિયામાં તે છૂટથી ભણે, ત્યારે તે જે ભલું કામ કરે છે તે **ગાથા**ના સો ફીલસુફી ભર્યા ફકરાઓ મ્હોટેથી અને છૂટથી ભણવા બરાબર છે; અને જ્યારે છૂટથી ભણતાં કોઈ તે ગાય ત્યારે તેવી ક્રિયા દસ બરાબર છે.[૬] (૧૦) આ પણ કે તેજ ભાગથી, જ્યારે કોઈ પહેલા છેડાનું સેવટ, જે **સ્તોત-યસ્ન** છે, તે કોઈ નવો દસ્તુર કરે તેને લાયકની ક્રિયા, કરે છે, તે દિવસે તેઓ તે ક્રિયા કરનારનાં રવાનને ઉંચાં બહેશ્તમાં ત્રણ વખત પસાર કરે છે.

(૧૧) **અગાન્ અહુનવઇર્** મ્હોટે સાદે ન ભણવાનાં ભયંકર ગુનાહગારપણાં વિષે.

(૧૨) અને આ પણ કે તેણે તે **અહુરમજ્દ**ને તાબે થઈને બનાવ્યો છે, જેવી રીતે પહેલાં પ્રાણીએ કર્યું, જે પોતાનું શરીર, પોતાના પાદશાહને, અને ચેલા તરીકે દીનના દસ્તુરને આપે છે; આ સબબ સારૂ કે દુનિયામાં તેઓની પાદશાહી તથા સાહેબીની જરૂર છે. (૧૩) દાદાર **અહુરમજ્દ** સર્વથી મ્હોટા સાહેબ તથા ધણી છે; અને તેજ સબબથી જ્યારે તે યજ્દોને તથા **અહુરમજ્દ**ને લાયકનું કરવામાં આવે છે ત્યારે પહેલાં પ્રાણીએ પેદા કર્યું તેવું થાય છે.

(૧૪) આ પણ કે તે માણસોને પોતાનું શરીર શહેનશાહ, જેનું મૂળ **અહુરમજ્દ** પોતાનામાં રાખે છે, તેની નોકરીમાં રાખવા શીખવે છે; આ કારણ સારૂ કે જ્યારે

---

૧. **અથારતુશ્ અષાતૂચિત્ હચા.**
૨. એટલે વાહૂમનૂની.
૩. યસ્ન. હા ૧૯ મો, ફ. ૨૦-૨૩.
૪. યસ્ન ફા. ૧૯મો, ફ. ૨૪.
૫. યસ્ન હા ૧૯મો, ફ. ૨૫—૨૬.
૬. યસ્ન હા ૧૯મો, ફ. ૬, ૭ અને ૮.

અહુરમઝ્દ તેનું મૂળ પોતામાં રાખે છે, જો એક સારો પાદશાહ બનાવવામાં આવે, તો જેને એમ મ્હોટાઇએ ચઢાવ્યો હોય તેને તે પાદશાહ તરીકે રાખે છે, જ્યારે વળી અહુરમઝ્દને માટે હાડમંદ દુનિયા પેદા કરવા જરૂરનું હોય, અને જ્યારે પેદાયશને શીખવે છે ત્યારે.

(૧૫) આ પણ કે વોહૂમનૂનો બદલો તે માણસ ધરાવે છે જેનાથી જે ચીજો નેકીવાળી હોય તે દેખાડવામાં આવે છે, જે વળી નેકીવાળાં ભણતરો બોલે છે, અને જે વળી માણસોને ગુનાહથી દૂર રહેવાની સર્વથી સરસ રીત શીખવે છે. (૧૬) આ સબબને માટે, કારણ કે કોઇપણ નેકીનો દેખાવ; ડહાપણથી ભણતરો બોલવાં, અને ગુનાહથી દૂર રહેવું, એ જાણે કે સારાં લોકોમાં દુન્યવી મહેમાનગીરી છે, મીનોઈ રીતે અમેશસ્પંદોને લીધે, તેમાં વોહૂમન્ સર્વથી સરસ રસ્તો દેખાડનાર હોવાથી; અને તેજ સબબને લીધે, જેનામાં તેવોજ ખાસ હુન્નર હોય તે વોહૂમન્ સાથે તેવાંજ ભલાં કામવાળો છે, અને તે સારાં કામોને લાયક હોવાથી તેવોજ બદલો થાય છે.

(૧૭) અને આ પણ કે જે માણસ તે કામો કરે છે તેનાથી અહુરમઝ્દને રાજ્ય આપવામાં આવે છે, આ **તદ્ મઝ્દા તવા ઝ્રાશ્રેમ્થી** [૧] જાહેર થાય છે; અને તેનો પહલવી તરજુમો આ મુજબ છે: "ઓ અહુરમઝ્દ! તે તારી આ પાદશાહી છે, જેનાથી જે માણસ ઇન્સાફી જીંદગીવાળો, ગરીબ, તથા દોસ્તીવાળો હોય તેનાથી મુક્તિ મળે છે." (૧૮) આ સબબને લીધે [૨] કે નાશ કરનારથી દુનિયાનાં ગરીબ પ્રાણીઓના વધુ ખાસ બચાવ સારૂ અહુરમઝ્દે દુનિયામાં ખાસ પાદશાહી પેદા કરી નથી, પણ તે માણસ જેનાં રાજ્યનું જોર ગરીબોના બચાવ સારૂ છે, જે અહુરમઝ્દની ખાહેશ છે, તેના રાજ્યનાં કામુના સબબ સારૂ અહુરમઝ્દને પાદશાહી આપવામાં આવી છે.

(૧૯) આ પણ કે દુશ્મનથી બચાવ થવાથી તેનાં ગરીબ લોકોને મદદ મળે છે, જે લોકોનો બચાવ સ્પીતામાનની દોસ્તીને લીધે થાય છે; પ્રાણીઓનું સંકટ દીનને ટેકો આપવાથી દીનનો વધારો થાય તે છે, અને સ્પીતામાનનો દોસ્ત દીનને ટેકો આપનારાઓનો મદદગાર થાય છે. (૨૦) પ્રાણીઓના નાશ કરનારનું બહારથી દાખલ થવા વિષે; [૩] અને તેને લીધે સ્પેન્તા મઈન્યુ, એટલે ભલા મીનોની લાચારી.

(૨૧) તે ત્રણ ધોરણ જે ભલા વિચાર, ભલા શબ્દો, તથા ભલાં કામો છે તેથી અહુરમઝ્દની દીનના આ શબ્દોનાં જોડાણ વિષે; અને ચાર વર્ગોથી જે દસ્તુરી, લડવૈયાપણું, ખેતી, અને હુન્નર છે; અને પાંચ સરદારીથી, જે ઘરની, ગામની, ટોળાની, પ્રાંતની, અને સર્વથી મ્હોટી જરથુશ્ત્રપણાંની સરદારી છે; [૪] અને એક ભલા પાદશાહની ઉદારતાના એકજ ચુકાદા વિષે.

(૨૨) અશોઈ સર્વોત્તમ શ્રેષ્ટતા છે.

---

૧. યસ્ન હા ૫૩મો, ફ. ૯.
૨. રવાનનો છૂટકારો આ સબબથી મળે છે કે.
૩. યસ્ન હા ૧૯મો, ફ. ૩૯.
૪. ઍજ હાનો ફ. ૪૪—૫૫.

આબ ૪૭મો, બગ નસ્ક.

(૧) બીજી ફર્ગદ બગાનની **અષેમ્**[૧] છે; જે દરેક જણ બીજા કોઇને જે કાંઈ તેને માટે કીંમતી હોય તે બક્ષે છે તેને સર્વથી સરસ સુખ બક્ષવામાં આવે છે;[૨] આ સબબ માટે કે તે **અષેમ્**ની શ્રેષ્ઠ ભેટને લીધે ત્યાં ઘણી ફાયદાવાળી ભેટ આખી ઊભી થાય છે, અને એક ફાયદાવાળી ભેટ લાયકને બક્ષેલી થાય છે. (૨) અને આમ પણ કે, દરેક સવાબવાળાં કામનો બદલો તેનાથી તે માણસને આપવામાં આવે છે જે આદમ-જાતને શીખવે છે અને ઉદ્યોગમાં[૩] રાખે છે, કારણ કે જેમ તેનાં સઘલાં સવાબનાં કામોનું તે કાર્ય છે, જે કોઈ આદમજાતને ઉદ્યોગ શીખવે છે અને ઉદ્યોગમાં રાખે છે, તેમ ઉદ્યોગથી સવાબનાં કામોનો બદલો જે આદમજાત પોતાનો કરી શકે તે તેનાથી એટલે **અષેમ્**થી પોતાનો કરે છે. (૩) અને આ પણ કે દરેક સવાબનાં કામને તે વધારો આપે છે.

(૪) જે સવાબનાં કામોથી માહીતગાર હોય, તથા તેને માટે ખાહેશમંદ છે, તે તેથી ભણેલા લોકોનો છુટકો કરનાર થાય છે; જે કોઈ નેકીપણાંથી સત્તા ધરાવે છે તે સવાબનાં કામો કરનારાઓને બદલો આપવામાં સર્વથી સરસ છે; અને જે કોઈ, વળી, સાચો ચુકાદો કરી શકે તથા સજા જાહેર કરે, તે ગુનાહગાર માટે સજા કરવાને અને તેનાં સારાં કામોની ગેરહાજરીને લીધે તેને અંધકારમાં ઢકેલી દેવા માટે સર્વથી શ્રેષ્ટ છે; અને જે કોઈ, વળી, મધ્યમપણું અને ડહાપણ વાપરે છે તે દુનિયાની સારી બાદશાહી માટે સર્વથી શ્રેષ્ટ છે.

(૫) અશોઈની ઉત્તમતા સર્વથી સરસ છે.

આબ ૪૮મો, બગ નસ્ક.

(૧) ત્રીજી ફર્ગદ બગ નસ્કની યૅંઘે–હાતામ્[૪] છે; જાણવું કે અહીં તેનાથી અહુરમજ્દની પરસ્તેશ શીખવવામાં આવે છે, જે અહુરમજ્દનો કાયદો છે, એટલે કે તેનો કાયદો પ્રમાણીક છે.[૫] (૨) અને આ પણ કે તેથી અહુરમજ્દની પરસ્તેશ થાય છે, જેની ખાહેશ જીવતાં માણસોની સારી જીંદગી સારૂ છે. (૩) આ પણ કે તેથી અશો નર તથા નારીઓની વખાણ થાય છે, જેની નીયાએશ અમેશસપંદો સારૂ છે.[૬] (૪) અને જેઓની તોજેશ ગુનાહ માટે છે; તેઓની પોતાની તરફથી અહુરમજ્દ માટે સઘળો સંતોષ એવો છે; અને તેથી તે અહુરમજ્દની ખુશાલી ગણાય છે.

---

૧. અહીં એને માટે પહલવીમાં આવતો સાધારણ શબ્દ, **યશરાયીહ** વાપર્યો છે. **અષેમ્**ની બંદગીની વખાણ સારૂ જુઓ, અવસ્તા યસ્ન હા ૨૦મો.

૨. પહલવી યસ્ન હા ૨૦મો, ફ. ૧.

૩. જુઓ એજ હાનો ફ. ૨.

૪. સરખાવો યૅંઘે હાતામ્ વિષે અવસ્તાનું લખાણ, યસ્ન હા ૨૧મો.

૫. યસ્ન હા ૨૧મો, ફ. ૧.

૬. એજ હાનો ફ. ૨, ૩.

(૫) અને અહીં કેાઈ ત્રણ હકીકતો જણાવે છે જેમાં અહુરમજ્દની પરસ્તેશની સઘળી રીતેા સમાવવામાં આવી છે. (૬) એક જ્યારે આદમજાતનેા કાયદેા નેકીભર્યો હેાય ત્યારે છે, કારણ કે તેની હદ વિચારની નેકીથી છે; આ તે છે કે જે પેાતે અહુરમજ્દની પરસ્તેશ તથા નીયાએશ્ ગણાય છે. (૭) એક જ્યારે તે આદમજાતને જીંદગીની ખાહેશ શીખવે છે ત્યારે છે; અને તેનેા કાયદેસર ચુકાદેા આદમજાતના બચાવ, અને ખેારાક અને બીજી મદદ તથા ખુશાલી સારૂ છે; તે આદમજાતની દરેક હાડમંદ પેદાયશેા દોસ્ત છે, એવી રીતે ચાલ્યેા છે કે જેથી માણસેાનું પુલ સાથનું જોડાણ તેણે પેદા કર્યું છે, જે અહુરમજ્દની પરસ્તેશ્ તથા ખુશાલી ગણાય છે. (૮) એક જ્યારે તેઓ અમેશસ્પંદેાની નીયાએશ કરે ત્યારે થાય છે, જે તેઓને દરેકને જુદા જુદા, તેઓનાં દુનિયાને તેથી સુધારવાનાં, તથા રસ્તેા દેખાડવાનાં કામમાં અમેશસ્પંદેાને જોર આપવા માટે છે; કારણ કે તેઓની નીયાએશ કરવી એ દીને જાહેર કર્યું છે; આ જાહેર થયું છે કે તે ક્રિયા ચીન્વદ્ પુલપર પહેાંચે અને અહુરમજ્દની પરસ્તેશ તથા ખુશાલી સારૂ જોડાઈ જાય, તે ક્રિયાથી અમેશસ્પંદને જોર મળે છે અને એક ચીજ આ છે કે અમેશસ્પંદનાં જોરથી આદમજાત આગળ વધે છે.

(૯) અશેાઈ ઉત્તમ ન્યામત છે.

બાબ ૪૯મેા, બગ નસ્ક્.

(૧) દાદાર અહુરમજ્દની ખુશાલી, અને બુરા મીનેાને ધિક્કારની ભેટ.

(૨) ચેાથી ફ્રર્ગદ બગની **યાનીમ્-મનો** [૧] જરથુસ્ત્રની વખાણ વિષે છે, એટલે કે તેની જડજ તરીકેની પદવી, અને તેનું આશિર્વાદ માંગવું, તથા જવાબમાં બેાલવું એવાં હતાં કે જેવાં **માંથ્રો**માં જાહેર કર્યા છે. (૩) આ પણ કે તેની કાયદેસર સતા આશિર્વાદની અગાઉ હસ્તિ ધરાવતી હતી; એટલે કે આ એક ચુકાદેા પેાતામાટે તેનાથી જાહેર થયેા છે કે તેનું પેાતાનું શરીર નેકીથી પહેલાં લાયક બનાવે છે અને પછી તે નેકી માંગે છે.

(૪) આ પણ કે તે મૂળ તથા સેવટ અહુરમજ્દને આપે છે, જે અહુરમજ્દથી છે એમ માને છે, કારણ કે જુદા જુદા ફાયદાઓ તથા ખુશાલીઓનાં મૂળ તથા સેવટ ખુદ ખુશાલીમાટે જરૂરનાં છે કેમકે ખુશાલી દરેક સુખનું સેવટ છે તેનું કે જેની ખુશાલીએ અહુરમજ્દને ઈજ્જયલી ભેટ [૨] આપી હેાય, તેથી, તેનેા ચુકાદેા આ છે કે જેની ખુશાલી તે ચીજ જે અહુરમજ્દની મરજી છે તેથી ઉભી થાય છે, તેનાં મૂળ તથા સેવટ અહુરમજ્દને અર્પણ કરે છે. (૫) આ પણ કે કાયદેસર ખુશાલી આપનારાઓનું સવાબનું કામ જે કેાઈ સાચાં માનનું કામ કરે છે તેનાથી ખુશાલી તથા પેાતાની કરવાનું કામ છે; આ કારણને માટે પણ કે ખરાં માનથી જે કેાઈ બીજાને કાયદેસર ખુશાલી

---

૧. હાલનેા યસ્ન હા ૨૮મેા. **અહુનવઇતિ** ગાથાની પહેલાં મૂકેલા આશિર્વાદના શબ્દેા ફ. ૧.માં આવેલા છે. જુએા મારાં વેાલ્યુમ ૧૭માનેા બાબ ૨૭મેા.

૨. **અઉરસ્તેાકીદ્**, અવ૰ **ઉસે ક્રિતિ, અર્દા વિરાફ્**, બાબ ૧૩મેા, **અઉરસ્તેાકીદ્**, મીનેાઈ યજ્દને આપવાની ઇજ્જયલી ભેટ.

આપનારો છે તેનું કારણ તેનાં માનથી બીજાને ખુશાલ કરવાનું છે ; અને જ્યારે આમ તે માણસોની ખુશાલી માટે કાયદેસર ખુશાલી આપનારાઓનું સવાબનું કામ તેઓથી ખુશાલી આપનારૂં અને પોતાનું કરી લેવાનું થાય [1] છે. (૬) આ પણ કે વોહૂમનનું ડહાપણ તેનાથી વધે છે જે ભલાં મનથી એક બંદગી બોલે છે ; આ સબબ સારૂ કે વોહૂમનનું ડહાપણ તથા તેનો વધારો ઘણા ખરા તે પવિત્ર શબ્દોથી છે.

(૭) આ પણ કે ઢોરોની પુષ્કળતા તથા સંતોષ જે કોઈ તેના કબજામાંના ઢોરોને બરાબર રાખે છે તે શીખવે છે ; અને આ સબબને માટે કે આમ જે તેના કબજામાંનાં ઢોરોને બરાબર રાખે તેનાં ટોળાંને લીધે, તેનાથી તે તેનો ફાયદો અને સંતોષ મેળવે છે ; અને બીજાઓ જે તે ફાયદો જોય તે બીજાઓને શીખવ્યા તે કે જે પોતાના ફાયદા તથા સંતોષ સારૂ ઢોરોને બરાબર રાખવા વિષે જેટલાં શીખવે તેટલાં.

(૮) આ પણ કે તે ફાયદો લાયક લોકોનો અપાયલો હોવાને લીધે જે કોઈ પોતાના ફાયદાને યજ્દોના કબજા માટે રાખે તેને શીખવવામાં આવે છે; અને આ સબબ સારૂ કે તે પોતાના ફાયદાને તેને યજ્દોના ફાયદા સારૂ રાખવાને માટે લાયક લોકોને આપે છે, અને બીજાઓ તેથી શીખે છે. (૯) આ પણ કે બન્ને દુનિયામાં સુખ આપવાનું તેને શીખવવામાં આવે છે કે જે એક શરીર તથા જીંદગી ધરાવતા લાયક માણસને ફાયદો આપનાર તરફ ઉદાર તથા લાયક છે; અને આ સબબ સારૂ કે બન્ને હાડમંદ તથા મીનોઈ દુનિયા તેની છે ; અને તેની હાડમંદ હયાતિ આ જીંદગીમાં છે અને તેની મીનોઈ હયાતિ તે જીંદગીમાં છે જેમાંથી ફાયદો આપવાની કિંમત આવી પહોંચે છે. (૧૦) આ પણ કે જે અશો લોકોને માન આપે છે તેનાથી આ પણ શીખવવામાં આવે છે કે યજ્દો તેઓની મરજી બજાવનારને ખુશ કરે છે ; અને આ કારણ માટે કે જે યજ્દો તરફ સારૂં માન દેખાડે છે તેનાથી તેની સારી પિછાણ તેઓનો જવાબ થાય છે, અને તેને માટે યજ્દોની ભેટ નક્કી છે.

(૧૧) આ પણ કે જે પહેલો હતો તેણે વળી આદમબાતને આ પણ શીખવ્યું છે કે યજ્દોની ભેટ માંગનારાઓ [2] હુકમ આપવા લાયક સત્તાથી યજ્દોને ખુશ કરે છે ; વળી આ સબબ સારૂ કે એક યજ્દની મહેમાનગીરી દીનનાં ફરમાનથી આપેલી દુનિયામાંની તે સિવાયની નેકી છે, અને યજ્દો તરફની છુટાપણાંના રસ્તાની ભેટ વળી માનીતાં લોકોના સંતોષથી થાય છે ; અને માણસો તેથી શક વગરનાં થાય છે, અને યજ્દોમાં વધુ માને છે. (૧૨) અને આ પણ કે તેનાં રવાનને ઉંચાં બહેશ્તમાં જગા મળે છે અથવા મળશે, જેનાથી જે કોઈ યજ્દોની તથા અશો લોકોની વખાણ કરે તેને કાંઈ આપવામાં આવે છે તેનાથી ; અને આ કારણ સારૂ કે વળી દોલતનાં સાધન સાથે ઉદારતાથી અને બહેશ્તના રસ્તા માટેની બીજી ભેટો જાહેર છે ; અને જે કાંઈ યજ્દોને તથા અશો લોકોને આપવામાં આવે છે તે શ્રેષ્ઠ ઉદારતા છે. (૧૩) આ પણ કે માનની જરૂર વાળાનું માન તે રાખે છે જે અશો લોકોને પવિત્ર દીનના શબ્દો શીખવે છે ; અને આ કારણ સારૂ કે જે દીનનો ભલો શિક્ષક છે તે યજ્દોના તથા અશો લોકોનાં માન, અને ફાયદો, તથા ખુશાલી સારૂ તે કામમાં લે.

---

૧. સરખાવો યસ્ન હા ૨૮મો, ફ. ૫, લીં. ૩.
૨. જુઓ યેજ હાનો ફ. ૪, લીં. ૧.

(૧૪) આ પણ કે અહુરમજ્દની દીનથી [૧] જે જ્ઞાન મળે છે તે જે વેાહૂમનને ચાહે છે તેણે જાહેર કર્યું છે ; અને આ કારણ સારૂ કે ખરૂં જ્ઞાન પવિત્ર ડહાપણની ચુંટણીથી છે, અને અશેા લેાકેાના સર્વથી વધુ હુશિયાર ચુંટણીવાળાને પહેાંચવાથી મનમાં મીનેાઈ સાહેબને, જે રાસ્તી મનની અંદર મીનેાઈ સાહેબને માટે રસ્તેા તૈયાર કરે તેનાથી, જે રાસ્તી વેાહૂમનને મનમાં રાખવાથી તેમાં પેદા થાય છે. (૧૫) આ પણ કે તે અશેાઈ તે શીખવે છે [૨] જે પેાતાનું મન હમેશાં અશેાઇમાંજ રાખે છે ; અને આ કારણ સારૂ કે, તેનું મન તેમાંની તેની કેાશેશમાં ફત્તેહ પામે છે, અને તે કેાશેશેાથી ફત્તેહ મેળવે છે. (૧૬) આ પણ કે અહુરમજ્દના સંબંધની ચીજોનાં આગળ વધવા માટે જે હુકમ આપે છે તે આદમજાતને આ પણ શીખવે છે જેથી કેાઈ અહુરમજ્દનું તખ્ત જોય ; અને આ કારણ સારૂ કે દુનિયામાં અહુરમજ્દની મરજીનાં સંપૂર્ણ આગળ વધવાથી તે તખ્ત જોઈ શકાય છે ; અને જે કેાઈ અહુરમજ્દના સંબંધની ચીજોના આગળ વધવા વિષે હુકમ આપે છે, દુનિયામાં અહુરમજ્દની મરજી તેની થાય છે ; તે ચીજોનેા આગળ વધતેા ભાગ લેાકેાને વળી સંપૂર્ણતાના પાયાથી દેખાડવામાં આવે છે, તે માણસની નજરમાં અહુરમજ્દનું તખ્ત થાય છે.

(૧૭) આ પણ કે જે કેાઈ અહુરમજ્દને પેાતાનામાં મહેમાન રાખે છે [૩] તેનાથી જે બાબતેા ફકત દસ્તુરથીજ સમજાય તેવી પણ આદમજાતને શીખવાય છે ; આ કારણ સારૂ કે જે કાંઈ દસ્તુરથી શીખવાય તેજ ઘણાંખરાં શિક્ષણ તથા જ્ઞાન છે. અને જે કેાઈ પેાતાનામાં અહુરમજ્દને મહેમાન રાખે છે, તે પછી એક મીનેાઈ સરદાર માંગે છે, જે તેનાં શિક્ષણ સારૂ કીર્તિવાળેા અને વખણાયલેા થાય છે, અને આદમજાત તેનાથી શીખે છે. (૧૮) આ પણ કે એક ભલેા શખ્સ, જે એક ભલા પાદશાહનેા શાગેર્દ તથા ખુશાલી આપનારેા હેાય, તે જે ભલેા પાદશાહ હેાય તેના ફાયદા સારૂ [૪] એક ભલેા માણસ લાવે ; અને આ કારણ સારૂ કે, તેને જે ફાયદેા થાય તેમાં એક ભલેા માણસ બીજાં ભલાં લેાકેાને સામેલ કરે છે, અને તેનાં સારાં ચારીત્ર, સ્વભાવ, તથા મીજાજ તેને લીધે છે ; પણ જ્યારે પાદશાહનાં માન તથા ખુશાલીથી પાદશાહ આગળ પેાતાને લાવવાનું થાય ત્યારે તે ફાયદા સારૂ તેનાથી બીજાં લેાકેાને પણ આગળ લાવવાં. (૧૯) આ પણ કે જે કેાઈ પ્રમાણીકપણે ભલાં કામેાનેા જથેા એકઠેા કરશે, તેના પેાતાનાંને માટે આબાદીનેા રસ્તેા [૫] ખુલ્લેા થશે, વળી આ કારણ સારૂ કે આગળથી ન જણાય એવા વખ્તથી ભેદેાના ચુંટણી કરનારનેા પ્રમાણીક તથા નેક જથેા આપવામાં આવે છે, અને જ્યારે એમ હેાય ત્યારે તે યજ્દેાનેા ખજનચી થાય છે.

---

૧. જીઓ યસ્ન હા ૨૮ મેા, ફ. ૪, લીં. ૨.
૨. એજ હાનેા ફ. ૪, લીં. ૩.
સરખાવેા યસ્ન હા ૨૮મેા, ફ. ૫.
૩. યસ્ન હા ૨૮મેા, ફ. ૬, વેાહૂ ગાઈદી મનંધા.
૪. એજ હાનેા ફ. ૬, લીં. ૨.
૫. એજ હાનેા ફ. ૭, લીં. ૧.

(૨૦) આ પણુ કે જે અમેશસ્પંદો માટે ફાયદાવાળાં કામો કરે છે તેનાથી ભેગી દુનિયાની વિશ્તાસ્પની પાદશાહી [૧] માટે જે લાયક હોય તેની ભેટ માંગવામાં આવે છે; અને આ કારણુ સારૂ કે અમેશસ્પંદો સારૂ કીધેલું સારૂ કામ પોતાને માટે માંગવાથી ભેગી પેદાયશનો ફાયદો થઇને ભલા અને નેક પાદશાહની સઘળી ભલી પેદાયશનો સર્વથી શ્રેષ્ઠ ફાયદો થાય છે. (૨૧) આ પણુ કે જે અમેશસ્પંદોનો વખાણનાર છે તેનાથી ભલી દીનની વખાણુ થાય છે; અને આ કારણુ સારૂ કે ભલી દીન અમેશસ્પંદોની વખાણુ છે, અને અમેશસ્પંદોની વખાણુ ભલી દીન છે. (૨૨) આ પણુ કે જે માણસ યજ્દોને ભેટો આપશે તેનાથી યજ્દોની દીન આગળ વધે છે, અને આ કારણુ સારૂ કે યજ્દોને ભેટ આપવી એ દીનને ટેકો આપનારાઓને જોર આપે છે; અને દીનને ટેકો આપનારાઓથી દીન આગળ વધે છે.

(૨૩) આ પણુ કે જે કોઈ સવાબનાં કામો કરવા માટે આદમજાતને એકદમ આતુર બનાવશે તેને આદમજાત માટેના કરેલાં તે સારાં કામ સારૂ વળી ઉદાર બદલો મળે છે; અને આ કારણુ સારૂ કે સવાબનાં કામોનાં મૂળનો આપનાર તેનાં સેવટનો પણ આપનાર છે. (૨૪) આ પણુ કે જે કોઈ પ્રમાણીક ખાહેશનો મદદગાર છે, અને વળી પ્રમાણીક કામથી પ્રાણીઓને ખોરાક મળે છે, અને જેની દોલત નેકીના કામોથી એકઠી થઈ છે, તે અગણીત લોકોથી વધુ વખણાય છે; અને આ કારણ સારૂ કે જે કોઈ નેક ખાહેશવાળાં લોકોનો મદદગાર છે તે દુનિયામાં પ્રમાણીકપણું વધારે છે; અને જેનો જથો નેકીથી થાય છે તે દુનિયાને મ્હોટી કરનાર થાય છે. (૨૫) આ પણ કે જે ફાયદા વગરનો છે તેને જે મદદ કરે છે તે ભિક્ષુકને તેઓ માટે જે જરૂરનું હોય તે તેઓને આપવાનું શીખવે છે. (૨૬) જે ફાયદા વગરનો છે તેને આ મદદ કરવું છે જેવી રીતે કોઇએ એક પ્રાંત, એક જીલ્લો, એક દેશ, અથવા એક કુટુંબને મદદ કરવી જોઇએ અને એક જણે વિશ્તાસ્પના કુટુંબનાં લોકોનાં કુટુંબી રહેઠાણને, તેઓના કીલ્લાને તથા ગઢને, અને ખેડુતનાં રહેઠાણને જાળવવું જોઇએ; એક જણે ખરાબ રસ્તાને દરૂસ્ત કરવા જોઇએ, નદીઓની ઉપર પુલો બાંધવા જોઈએ, નદીનાં, અથવા નેહેરનાં, [૨] અથવા નાળાંનાં પાણીને રસ્તો આપવો જોઇએ, અને વેરાન જગાઓને વસ્તીવાળી કરવી જોઇએ, અને દુનિયામાંનાં લોકોની હમેશની સગવડ તથા ફાયદો થાય એવી ચીજો કરવી જોઇએ. (૨૭) અને જે કોઈ એવી ચીજો કરે તેને પાછળથી જનમનારો મદદ કરશે, અને આદમજાત માટે જરૂરની સર્વથી વધુ ફાયદાવાળી ચીજ કરવાનું, અને વળી બીજાંઓ માટે એવીજ ચીજો કરવાનું શીખવે છે.

(૨૮) આ પણુ કે મીનોઇપણું તે છે, જે ડહાપણવાળા માટે ડહાપણ છે; એટલે કે, જેનું જાતી ડહાપણ [૩] સારૂ હોય તેને મેળવેલું ડહાપણ [૪] શીખવે છે; વળી આ કારણ સારૂ કે મીનોઈ શક્તિ, જેવી તેની પાસે આવી હોય તેવી, અને જે મેળવેલું ડહાપણ છે તે, અહુરમજ્દનાં પ્રાણીઓ માટે છે, અને કુદરતી ડહાપણ તેને ખીલવવા આપેલું છે, અને અહુરમજ્દ તેથી ખુશી થાય છે.

---

૧. યસ્ન હા ૨૮ મો, ફ્ર. ૭, લીં. ૩.
૨. અવ૰ કત, ફા૰ કનૂ, "જમીનની નીચેની નેહેર."
૩. અવ૰ આસ્નો—ખ્રૂ, "જાતી ડહાપણ."
૪. અવ૰ ગએોષો-સ્તો-ખ્રૂ, "મેળવેલું ડહાપણ."

(૨૯) હાડમંદ હસ્તિ જે હતી, અને દુન્યવી હસ્તિ, તથા ભવિષ્યમાં થનારી હાડમંદ હયાતીનાં [૧] આગળ વધવાનો ટુંકો અહેવાલ; હાડમંદ હયાતી જે હતી અને જે છે તેને માટે આ પણ છે; મુળના વિચારની શરૂઆત વિષે, અને સારી તથા બુરી હયાતીઓનું ફાયદામંદ પેદા થવું, ભલાંની ભલાઈ, તથા બુરાંની બુરાઈ; અને હાડમંદ હયાતી જે વચમાંની છે તેનાં આગળ વધવા વિષે, સારાં કામો અસરકારક કરવાં, અશોઇ, તથા બદલો મેળવવો; અને ગુનાહ કરવો, ગુનાહગારપણું, તથા સજાનું દુઃખ; અને જે સેવટની થશે તે હાડમંદ હયાતી વિષે; જે માણસ સર્વથી વધુ ભલો છે, અને જે સર્વ ભલાં હેતુઓનાં મુળ જેવો છે તેની ઉહાપણુ સાથની પાદશાહી ત્યારે થશે; બદી ઉપર ભલાઇની ફત્તેહ, ભલાઇની પાદશાહી થશે, બદીની પાદશાહી નાબુદ થશે, અને ભલાં પ્રાણીઓ ચોખ્ખી હાલતમાં સજીવન થશે.

(૩૦) અશોઇની શ્રેષ્ઠતા સંપૂર્ણ છે.

બાબ ૫૦મો, બગ નસ્કૂ.

(૧) પાંચમી ફર્ગર્દ, **ખ્શમઇબ્યા,** [૨] કોઈ પોતાના કબ્જામાંનાં ઢોરોને બરાબર રાખે તેની ગેરહાજરી માટેની ગેઉશ્–અઉર્વન્ને [૩] કરેલી ફરીયાદ વિષે છે; આ કારણ માટે પણ કે તેનાથી ઢોરો વધે છે, અને તે વધારામાટેની ઈચ્છા તથા ખાહેશથી બીજાઓ તેના દાખલા મુજબ ચાલે તથા ઢોરોને બરાબર રાખે; પણ ગેઉશ્–અઉર્વન્ની ફરીયાદ આ છે કે તે માણસ હસ્તિ ધરાવતો નથી. (૨) આ પણ કે જે યજ્દોના સંબંધની ચીજોના આગળ વધવા વિષેના હુકમો આપે છે તેનાથી ઢોરોની સંભાળ લેવાય છે, અને તેનું રવાન યજ્દોપાસે જાય છે; અને આ કારણ માટે કે યજ્દોના સંબંધની ચીજો આગળ વધારવાનાં કામમાં અને વળી રવાનના છુટકારા માટે ઢોરોની સંભાળ જરૂરની ચીજ છે. (૩) આ પણ કે એક સરદાર [૪] જે ઢોરો ઉપર સત્તા રાખે છે તેની સાથે જે ઢોરોને રાખે છે તે ઢોરોને પેદા કરનારનો દોસ્ત જેવો છે, તેને ઢોરોની સંભાળ વિષે શીખવે છે, તે એટલે કે ઢોરોનો સરદાર, જે ઢોરોના ખોરાક, રક્ષણ તથા વધારામાં શીખેલો છે; અને આ કારણ સારૂ કે જ્યારે તેને ઢોરોને એક કાયદેસર માણસની સાથે રાખવામાં આવે છે, જે ખોરાક આપનાર તથા રક્ષણ કરનાર છે, અને જે ઢોરોનો વધારો કરે છે; વળી તે પોષીત પશુઓની પોષણ કરનાર તરફની, રક્ષણ લેનારાઓની રક્ષણ કરનાર તરફની, અને વધારો થનારાઓની વધારો કરનાર તરફની દોસ્તી તેનાથી દેખાડવામાં આવે છે; અને દાદારની પેદાયશ માટેની પ્યારથી મતલબ પોષણ લેનારાઓ માટેની પોષણ કરનારની, તથા રક્ષણ લેનારાઓ માટેની રક્ષણ કરનારની, તથા વધારો થનારાઓની વધારો કરનાર તરફની છે.

---

૧. એટલે આગળ થઈ ગયલી, હાલની, તથા ભવિષ્યની હયાતી, જુઓ યસ્ન હા ૨૮મો, ફ. ૧૧, લીં. ૧, ૨, ૩.

૨. જુઓ બાબ ૫મો, નોટ ૧ લી. અહીં આ શબ્દ **ખ્શમઇબ્યા** લખાયલો છે.

૩. જુઓ અવસ્તા અને પહલવી યસ્ન હા ૨૯મો, ફ. ૧.

૪. એજ હાનો ફ. ૨.

(૪) અને આ પણ કે જે કોઈ ઢોરોને પ્રમાણીક હેતુ સાથે રાખે છે તે તેઓને યજ્દોને અર્પણ કરે છે ; અને આ કારણ માટે કે જ્યારે તેઓને પ્રમાણીક હેતુથી રાખવામાં આવે છે, ત્યારે તે યજ્દોની મરજી બર લાવે છે, અને જ્યારે યજ્દોની મરજી બર લાવવામાં આવે છે ત્યારે તેનાથી ઢોરોને યજ્દોને આપવામાં આવે છે. (૫) આ પણ કે જે કોઈ ઢોરોમાં નરોને લાયક વખતે દાખલ કરશે તેને પણ ઢોરોપર કેમ દેખરેખ રાખવી તે શીખવે છે ; આ કારણ સારૂ કે ઢોરોના વધારા માટે નરોને દાખલ કરવા એ અગત્યનું કામ છે, અને તે કે જે વધારનારો છે તેને પણ ઢોરોપર દેખરેખ રાખવાનું શીખવે છે. (૬) આ પણ કે જે કોઈ ઢોરોને તે પુરતું વધે નહીં ત્યા સુધી કતલ કરતો નથી, તેને ઢોરો માટે ઘાસ ચારો એકઠો કરવાનું પણ શીખવે છે ; અને આ કારણ માટે કે ઢોરોના વધારાની ભેટથી આદમજાતને ફાયદો થાય છે, અને તે આદમજાતના તે ફાયદાના પ્યારને લીધે તેઓ ઢોરોના વધારામાં પુરતી સંભાળ લે છે, અને તેઓ માટે ખોરાક પુરો પાડે છે.

(૭) આ પણ કે તે હયાત લોકોમાં સર્વથી વધુ જોરાવર છે ; એટલે કે તેનું જોર સર્વથી વધુ અસરકારક છે, જેની હીલચાલ તેના પોતાનાં માટે છે, જેથી તેને જે આપવાની જરૂર છે તે તેને આપે છે ; અને આ કારણ સારૂ કે પોતાનાં હાજતમંદ લોકો તરફની જરૂરી ઉદારતા દીનના વિચારોથી ઊભી થાય છે, અને દીનનું વિચારવંતપણું શરીરમાંથી લોભ, તથા મોહ, તથા ગુસ્સો, તથા શરમ, તથા અદેખાઈ અને બીજા દુર્ગુણો કાઢી નાંખવાથી [1] વધે છે ; અને એક માણસ જે પોતાનાં શરીરમાંથી દુર્ગુણો દુર કરે છે તે અસરકારક જોરવાળો થાય છે. (૮) અને આ પણ કે નમસ્કાર કરવા માટે, પરસ્તેશ માટે તથા સવાબનાં કામો બર લાવવા માટે તે માણસ સર્વથી વધુ જોરવાળો છે, જે દસ્તુર માટે દોલત ધરાવે છે, જે દસ્તુર તેજ મુજબ ખરા ચુકાદા તથા હુકમનામાં કાયદા મુજબ આપે છે, અને જે અશો લોકો તરફ તેજ પ્રમાણે નમનતાઈ દેખાડે છે અને તેઓને માન આપે છે ; અને આ કારણ માટે કે આદમજાતમાંના ઘણાંક લોકોની દોલત શરીરની ઈચ્છા તથા મઝા પુરી પાડવા માટે છે, તેઓની ઈચ્છાઓ જે તરફ જતી હોય તેવા ચુકાદાઓ તથા હુકમનામાં મેળવવા માટે, અને બીજાઓ માટે જેઓ વળી જ્યારે તેઓની વાસનાઓ ખરાબ હોય ત્યારે પણ તેઓ તરફ નમનતાઈ તથા માન દેખાડે છે ; અને જે કોઈ નમસ્કાર માટે તથા દીનનાં ડહાપણ સાથે જોડાવા માટે દીનના દસ્તુર તરફથી દોલત લાવે છે, અને જે રાસ્ત ચુકાદાઓ તથા હુકમનામાં આપે છે, અને જે અશો લોકો તરફ નમનતાઈ તથા માન દેખાડે છે તે પોતાની ખરાબ વાસનાઓને બાજુએ મૂકે છે ; અને જે તે વાસનાઓ બાજુએ મૂકવાથી મજબુત અને સર્વથી વધુ જોરાવર માણસ થાય છે.

(૯) આ પણ કે જે માણસ જે લોકો સાચાં અને ગરજવંત હોય તેઓના જેવાં મેહનતુ લોકોનો બદલો વધારે છે તેનાથી, દરેક જણને તેઓનાં પોતાનાં લાયક કામ પાસે ઊભાં રાખવામાં આવે છે ; આ કારણ સારૂ કે તેનાં લાયક કામ સારૂ એક માણસનું શરીર મહેનત કરે તે બદલાની બાહેશથી કરે છે. (૧૦) અને આ પણ કે જે માણસનું

---

૧. સ્પૂગીહૂ, ફા૦ સ્પૂખ્તન્, "છુપાવવું."

મ્હોડું [૧] તથા તેનાં હથિયારો પ્રમાણિક કામ સારૂ છે, તે પછી વોહૂમનનો કબજો પિછાણે છે; પછી તેને લીધે મ્હોડું તથા તેનાં હથિયારો પ્રમાણિક કામ સારૂ રાખે છે તે તેવો થાય છે તેથી જ્યારે અશો લોકોના બચાવ તથા મદદથી, અને પાપી લોકોની હાર તથા મારથી દુનિયાનો સુધારો થાય છે; અને આ પણ એમ છે, જ્યારે ભલાઈ તથા બુરાઈ સમજવાથી સારાં લોકોના દોસ્તને, અને પાપી લોકોના દુશ્મનને, અને સારાં લોકોની દોસ્તીને તથા બુરાઈની દુશ્મનીને ઉત્તેજન મળે છે; અને વોહૂમનના ધરાવવાથી ભલાઈ તથા બુરાઈની સમજણ પડે છે, અને જે વોહૂમનનો કબજો ધરાવે છે તે વળી વોહૂમનને ખુશ કરનાર થાય છે.

(૧૧) અને આ પણ કે જે કોઈ યજ્દોના સંબંધની ચીજો વિષે હુકમ આપે છે તે પોતાનું જ્ઞાન તથા શિક્ષણ પણ આગળ વધારે છે; અને આ કારણ સારૂ કે સારાં લોકો તરફ કોઈની ફરજ માટે એ હુકમ જરૂરનો હોવાથી, વળી તેનાં જ્ઞાનનો તથા શિક્ષણનો તે ફરજ તથા તેનાં લાયક મદદગારપણાંના ફરજ્યાત હુકમથી વધારો થાય છે. (૧૨) આ પણ કે જે સારાં લોકોને શીખવે છે, ત્યારે તે સારૂં કામ જે વળી દીન ભણવાથી જરથુશ્ત્રને મદદ થાય છે, તે તેનું પોતાનું થાય છે; અને આ કારણ સારૂં કે જેઓ દુનિયાનો ફરશેગર્દ ખરેખર કરશે તેઓ માટે જરથુશ્ત્રની દીનના ભણતર તથા તે સાથના સંબંધ તેજ દીન સાથે રાખતા ભલા શીક્ષકોનાં શિક્ષણથી દીનના ભણતરથી જરથુશ્ત્રને મદદ મળે છે તે તેનું પોતાનું ભલું કામ થાય છે.

(૧૩) આ પણ કે જે યજ્દોની તથા અશો લોકોની વખાણ કરે તેને જે કોઈ કાંઈ આપે છે તેને વળી તે અશોદ્યનો શબ્દ બોલે [૨] તેથી પેલી દુનિયામાં સારી જગો મળે છે. (૧૪) આ પણ કે જેઓ આબાદી કરે તેઓને જે શીખવે છે તે દુનિયામાંથી દીનમાંનું નુકસાન જે તેની નાકાબેલીઅતથી [૩] થાય છે તે બહાર કાઢવામાં આવે છે, અને આ કારણ સારૂ કે તે દીનમાંનું શિક્ષણ તથા હુન્નરને લીધે તેનાથી થતો ફાયદો દુનિયામાં વધે છે. (૧૫) આ પણ કે જે સુખને માટે પાદશાહી તરફ જે અશો હોય તેને જે આગળ લાવે છે તેનાથી ત્યારે સર્વથી વધુ મદદ આપવામાં આવે છે; અને આ કારણ માટે કે સર્વથી વધુ સુખની આશા મેળવવાની જગો સાથે તેનાથી વધુ જોડાયલી છે.

(૧૬) આ પણ કે, શ્રેષ્ટ શાહેના શાહની નોકરીમાં જે પોતાને આપી દે છે તે સુંદર રહેઠાણનો [૪] રસ્તો, તથા મદદની ખુશાલી, તથા અહુરમજ્દની પાદશાહીની ભેટ પોતાનાં લોકોને દેખાડે છે; અને આ કારણ માટે કે દાદાર તરફનાં સુખનું અસલ કારણ આદમજાતની દાદાર તરફની તેઓની નોકરીથી તથા તેને લીધેની લાયકાત છે; અને તેથી જેવી રીતે સારૂં રાજ કરનાર પાદશાહ દુન્યવી હયાતિમાં આપનાર છે, તથા પ્રાણીઓનો એક અશો મુખી તથા સરદાર જેઓ પોતાને તેની નોકરીમાં બરાબર

---

૫. યસ્ન હા ૨૯ મો, ફ. ૭, લીં. ૩.
૬. યસ્ન હા ૨૯ મો, ફ. ૮, લીં. ૩.
૭. યસ્ન હા ૨૯ મો, ફ. ૯, લીં. ૨.
૮. યસ્ન હા ૨૯ મો, ફ. ૧૦, લી. ૨.

આપી દે છે, તેવીજ રીતે પછી તે પણ આપનાર તરફ ચાહ ધરાવે છે, અને "એ સિવાય હું શીખવું છું કે લાયકાતના સદ્‌ગુણની શરૂઆત, જે દ્વારે પોતાની સાથે જોડેલી છે તે ઉપર દર્શાવેલો રસ્તો છે, અને તેનાથી મળતા બીજા સદ્‌ગુણો તેનાં પોતાનાં લોકોને વળી દેખાડેલા છે."

(૧૭) અશોઈ સર્વોત્તમ ન્યામત છે.

બાબ ૫૧મો, બગ નસ્ક્.

(૧) છઠ્ઠી ફ્રર્ગદ્, **અદ્-તા-વખ્શ્યા**, આ વિષે છે કે એક એર્વદની સરદારીનાં માનને જે ડાઘો ટેકો આપનાર[૧] હોય તેનાથી દીનની બજાવણી માટે ઇચ્છેલી એર્વદની શાળા ખીલે છે; આ કારણ માટે કે જેનાં સાધનો હાજતમંદ લોકોને ભેટ આપવા સારૂ છે તે શખ્સની ખાસીયત, આતુરતાથી બીજાંઓને દીનનું શિક્ષણ આપવા માટે વાપરતાં કરે છે. (૨) અને આ પણ કે જેની ટેવો પ્રમાણીક છે તેનાથી અહુરમજ્દની વખાણ થાય છે તથા શીખવાય છે; વળી આ કારણ માટે જે કાંઈ ફાયદો તથા ખુશાલી સદ્‌ગુણથી થાય છે તે પણ જેઓની ટેવ સદ્‌ગુણી હોય તેઓ વખાણે છે; જે તે ટેવોનો પેદા કરનાર છે, જે પોતે અહુરમજ્દ છે. (૩) અને આ પણ કે જે પ્રમાણીક શબ્દો બોલે છે તેનાથી વળી વોહૂમનની ક્રિયા કરવાનું શીખવવામાં આવે છે; આ કારણ માટે પણ કે સદ્‌ગુણની સારી ખાસીયત તથા લાયકાતને લીધે ભલાં લોકો તેની કીંમત કરે છે અને પ્રમાણીક શબ્દો બોલે છે, કેમ કે સદ્‌ગુણી બોલવું એ વોહૂમનની ક્રિયા છે. (૪) આ પણ કે જેનો રસ્તો સદ્‌ગુણી છે, તે જે ક્રિયા કરે તે તેની મ્હોટી[૨] થાય છે; અને આ કારણ માટે કે યજ્દો ઘણાખરા પવિત્ર સ્વભાવ તથા પ્રમાણીક રીતોવાળાં લોકોની ક્રિયામાં આવે છે અને તે કબુલ કરે છે.

(૫) આ પણ કે જેઓ ભલાં કામોનો ફેલાવો કરે તેઓ માટે જે ભલાઇનો કરનાર છે તે દીનનાં શિક્ષણનો બીલવનાર[૩] થાય છે; અને આ કારણ માટે કે જેઓ ભલાં કામોનો ફેલાવો કરે તેઓને ફાયદો કરવાથી ભલાં કામોનો વધારો થાય છે; અને સવાબનાં કામોના વધારાથી, યજ્દોની ખાહેશનું આગળ વધવું યજ્દોની ખાહેશના આગળ વધવાથી ભલી દીનનું વધુ આગળ વધવું, અને ભલી દીનનાં વધુ આગળ વધવાથી દુનિયામાં ભલી દીનનાં શિક્ષણનો વધારો થાય છે. (૬) આ પણ કે જે પ્રમાણીકપણાંથી સત્તા રાખે છે તેનાથી આદમજાતને ભલાં કામોના ચુકાદાઓ જુદાં પાડતાં શીખવાય છે;[૪] અને આ કારણ માટે કે એક માણસ જે પ્રમાણીકપણાંથી સત્તાનો રાખનાર છે તે ફરક જોનારો પાદશાહ થાય છે, અને આદમજાત એવી પાદશાહીનો સ્વભાવ, અને ટેવ, તથા રસમો અમલમાં મૂકતાં શીખે છે.

---

૧. યસ્ન હા ૩૦મો, ફ્ર. ૧.
૨. યસ્ન હા ૩૦મો, ફ્ર. ૧, લીં ૩.
૩. ઍજ હાનો ફ્ર. ૨, લીં ૧.
૪. ઍજ હાનો ફ્ર. ૨, લીં ૨.

(૭) અને આ પણ કે જે કોઈ પોતાનાં હાજતમંદોને તેઓની હાજત પુરી પાડે છે તે પોતાનાં શરીરને જરથુશ્ત્રને અર્પણ કરે છે; અને આ કારણ સારૂ કે પોતાનાં હાજતમંદોની હાજત પુરી પાડવી એ ખરી સખાવત, અને જરથુશ્ત્રની દીનનો ઢુંક સાર મેળવવા બરાબર છે, અને જે તેથી અમીરી મેળવે છે તે પછી જરથુશ્ત્રની દીન પહેરે છે; અને જે કોઈએ જરથુશ્ત્રની દીન પહેરી છે તેણે પોતાને જરથુશ્ત્રને અર્પણ કર્યો છે. (૮) આ પણ કે જે કોઈ [૧] જે સરદારી [૨] માટે લાયક હોય તેને સરદારી આપે છે તે વળી તેનામાં દીનનાં ડહાપણને ખીલવે છે; આ કારણ માટે કે વળી લાયક લોકોનુ ડહાપણ જેનાથી તેઓ સરદારી મેળવે છે, તે, જ્યારે સરદારી તેઓ પાસે આવે છે, ત્યારે, તે ફરજમાં સમાયલી કીર્તિથી વધુ ખીલે છે.

(૯) આ પણ કે જે કોઇ બે રસ્તાઓ જે સારા તથા ખરાબ છે તેમાંથી વધુ સારો રસ્તો પસંદ કરે છે તેને ફાયદો કરનારાઓની આતશ તથા લોઢાંની કસોટી તેમ કરવામાં મદદ કરે છે; અને આ કારણ સારૂ કે તે ડહાપણની આંખથી ચુંટણી કરે છે, જે સારા હેતુનો રસ્તો છે, અને ફાયદો કરનારાઓ, બે સારા ચુકાદો કરનારાઓ, આતશ તથા લોઢાંથી નિર્દોષપણું તથા ગુનાહગારી ચુકવનારા તથા જાહેર કરનારા છે; અને જ્યારે કસોટીનું કામ બીજી જાતનું હોય ત્યારે પણ આતશ તથા ધાતુ બન્ને જુદા પાડવામાં જોડાયલાં છે, અને તેઓનું જોર એકમેક સાથ સંબંધ ધરાવે છે. (૧૦) આ પણ કે જે કોઈ યજદોને ફાયદો થાય એવી ચીજ કરે તેને જે વિચાર, શબ્દ, તથા કામમાં ડાહ્યા હોય તેઓને બરાબર ચુંટી કાઢવાનું જોર મળે છે, અને આ કારણથી કે યજદોને ફાયદા માટેની ચીજો કીધાથી દુનિયામાં ખુદાની પાદશાહી થાય છે, દુનિયામાં ખુદાની પાદશાહીથી, દુનિયામાં આ જીંદગીને ભયથી છુટાપણું મળે છે; અને દુનિયામાં આ જીંદગીને ભયથી છુટાપણું મળ્યાથી તે માણસને વળી જોર મળે છે જે વિચાર, શબ્દ, તથા કામના સંબંધમાં બરાબર ચુંટણી કરવામાં ડાહ્યો [૩] છે.

(૧૧) આ પણ કે જે કોઇ અહુરમજદની ચીજોનો વિચાર કરે છે, તે અહુરમજદની હમેશગી અને વળી તેની પોતાની હમેશગીના ખ્યાલનો વિચાર કરે છે; વળી આ કારણ માટે કે આદમજાત વળી તેનાથી મળતાં હમેશનાં સુખની આશા માટે અહુરમજદની પરસ્તેશ કરે છે; અને જેઓ તેનાથી મળતાં હમેશનાં સુખને લીધે તેનો વિચાર કરે છે તેઓ પોતે એમ ધારે છે કે સુખ જે હમેશનું છે તે તેને લીધે અમર છે; એટલે કે તે અ. ચીજ તેની પોતાની અમરતા ગણાય છે. (૧૨) આ પણ કે જે કોઇ એક માણસને દેવોને માન આપવાથી દૂર રાખે છે તે તેને દુનિયાને બિમાર

---

૧. આ શબ્દો માટે જુસ્તો વેસ્ટની નોટ જે આ પ્રમાણે છેઃ "ફૈંસમાં આપેલા શબ્દો જ્યારે અસલ લખાણનાં પાનાંઓ સીવવામાં આવ્યાં ત્યારે તેમાં દાખલ કરેલા ફકરાનો તરજુમો છે. લખાણના અસલ તરજુમો કરનારે એક ફકરો અહીં ભુલથી છોડી દીધો હતો જે ત્યાર પછી અટકલ ઉપરથી ઉમેરવામાં આવ્યો છે કે કોઈ બીજી નકલમાંથી લીધો છે તે કહી શકાતું નથી." આ ફકરાઓ આપણને DE માં મળે છે.

૨. યસ્ન હા ૩૦મો, ફ. ૩, લીં ૨.

૩. યસ્ન હા ૩૦મો, ફ. ૩, લીં ૩.

બનાવવાથી જૂઠો કરે[૧] છે; અને આ કારણ સારૂ કે જે કોઇ લોકોને દેવોને માન આપવાથી દૂર રાખે છે તે દેવોને દુનિયાને બાદશાહી વગરની કરવાથી તથા દુનિયાને બિમાર કરવાથી દૂર કરે છે. (૧૩) આ પણ કે જે કોઇ સખાવત કરશે તે સુરજને સુખ આપશે, અને જે સુરજને સુખ આપશે તે આદમજાતની શારીરીક ખાસીયતને પણ સુખ આપે છે, અને આ કારણ સારૂ કે સખાવતી લોકોથી સુરજનો ઝળકાટ તથા કીર્તિ આગળ વધે છે, અને આદમજાતની શારીરીક ખાસીયત જળવાય છે.

(૧૪) આ પણ કે જેની ખાહેશ નેકીની ચીજે વિષે છે, અને જે વળી પોતાની સત્તા નેકીથી[૨] જાળવે છે, તેનાથી બદલો મેળવવા માટે નેકી પાળવાથી આદમજાત જોડાય છે; અને આ કારણ સારૂ કે જેની ખાહેશ નેકીવાલી છે તે દરેક માણસ સારૂ સુખ માંગે છે,—નેકીની ખાહેશ માટે આદમજાતની હયાતિ સારૂ, આદમજાતનાં સુખ માટેની શ્રેષ્ટ ખાહેશ,—અને જે સંપૂર્ણ ખાહેશ ધરાવે છે અને તેને માટે પોતાની શકતી મુજબ ઘણી મહેનત કરે છે તેનાથી કોઇને પણ નેકીનાં રહેઠાણમાં પહોંચડાય છે, અને મીનોઇ દુનિયામાંના બદલાસાથે જોડાય છે; અને જે પોતાની સત્તા નેકીથી જાળવે છે તેનાથી તેનાં રાજ નીચે જે લોકો પોતાની જીંદગી પસાર કરે છે તેઓને નેકીમાં રાખવામાં આવે છે, અને નેકીમાં કેળવાય છે, અને સવાબનાં કામો સાથે જોડાય છે, અને મીનોઇ બદલો મેળવવા પામે છે. (૧૫) આ પણ કે જે કોઇ પોતાનું સુખ યજદો તરફનાં માનથી[૩] જાળવે છે તેનાથી લોકો મીનોઇ બદલો મેળવવા માટે ય દેને ચાહતાં થાય છે; અને આ કારણ માટે કે યજદો તરફનાં માનથી સુખ જાળવવાને લીધે, તે તેને ભલાં લોકોની મદદ તથા ખુશાલી સારૂ જાળવે છે; અને લોકો તેથી તેને મીનોઈ અશોઇના નમુના તરીકે ગણશે; સવાબનું કામ થાય[૪] એવો બદલો મેળવવા માટે તેઓ યજદો તરફ માન ધરાવે છે.

(૧૬) આ પણ કે જે કોઈ હિસાબ કરનાર, તપાસ કરનાર તથા અશો જડજને આશિર્વાદ આપે છે, તથા જે વળી ભલાં લોકોને માન આપે છે તેનાથી અશો લોકોના ફાયદાનું શિક્ષણ મળે છે; અને આ કારણ સારૂ કે દુનિયાના ફાયદાની મૂળ ખાસીયતો બે છે,—એક ઈન્સાફને લીધે, અને બીજી છુટાંપણાંને લીધે,—અને જડજોના આશિર્વાદ જે જાળવે છે તેનો ફાયદો જડજોના ઈન્સાફથી છે; અને ભલાં લોકોને જે માન આપે છે તેનો ફાયદો ભલાં લોકોનાં સ્વતંત્રપણાને લીધે છે, જે દુનિયામાં વધે છે અને જાહેર થાય છે, અને અશો લોકો તેને વિષે શીખવે છે.

(૧૭) અશોઈ સર્વોત્તમ છુટાપણું છે.

---

૧. વીજૂત, ફા૦ ગઝીદન, "કાપવું," "કરડવું."

૨. સરખાવો યસ્ન હા ૩૦ મો, ફ. ૧૦, લીં. ૨.

૩. જુઓ યસ્ન હા ૩૦ મો, ફ. ૧૦, લીં ૩, જ્યાં અહુરમજદ તથા અશાવહિશ્તમાટે ઇશારો છે.

૪. યસ્ન હા ૩૦મો, ફ. ૧૧, લીં ૩.

Glossary of Select Words contained in Vol. XVIII.



𐬀𐬵𐬎𐬹𐬨𐬀 (*âzarm*), chap., LI., § 1, p. 84, l. 9, *n.*, 'respect', 'માન.' Cf. Pers. آزرم 'respect'.

𐬀𐬯𐬀𐬙𐬀 (*avar-pich*), chap. XLI., § 4, p. 44, l. 9, *v.*, 'coiled up', 'ગુંચળું વળેલા.' Cf. Pers. پیچیدن 'to coil,' 'to wreathe', 'to involve'.

𐬀𐬵𐬌𐬀𐬵𐬌𐬭𐬌𐬛 (*aûstôfrîd*), chap. XLIX., § 4, p. 68, l. 9, *n.*, 'consecrated offerings', 'પવિત્રાયલી ભેટો.' Cf. Avesta 𐬀𐬵𐬌𐬀𐬵𐬌𐬭𐬌𐬛.

𐬵𐬀𐬭 (*khvad*), chap. XXXVI., § 4, p. 21, l. 6, *n.*, 'perspiration', 'પરસેવો.' Av. 𐬵𐬀𐬙 Pers. خوی 'sweat'.

𐬵𐬭𐬎𐬀𐬎𐬀𐬌𐬵 (*khrûsagîh*), chap. XLIII., § 19, p. 52, l. 13, *n.*, 'yelling,' 'ચમ.' Cf. Av. 𐬵𐬭𐬎 Sans. 'क्रुश्' 'to clamour against', Pers. خروشیدن 'to yell'.

𐬵𐬀𐬵𐬌 (*khahîd*), chap. XLIV., § 7, p. 56, l. 1, *v.*, 'devoured', 'ખવાયલા.' Cf. Pers. خاییدن 'masticated', 'devoured'.

𐬵𐬀𐬭𐬉𐬛 (*hared-îh*), chap. XL., § 11, p. 40, l. 2, *n.*, 'stupidity', 'મૂર્ખાઈ.' Av. 𐬵𐬀𐬭𐬉𐬛 'oppression,' 'enmity', 'stupidity'.

𐬌𐬀𐬭𐬉𐬙 (*garemôg*), chap. XLIX., § 23, p. 75, l. 2, *adj.*, 'zealous', 'આતુર.' Cf. Av. 𐬌𐬀𐬭𐬉𐬙 Pers. گرم 'hot', 'argent', 'zealous'.

𐬑𐬀𐬛 (*kadas*), chap. XLIX., § 26, p. 76, l. 2, *n.*, 'aqueduct'. 'નેહેર.' Cf. Av. 𐬑𐬀𐬛 Pers. کت 'a subterranean canal'.

𐬑𐬀𐬭𐬛𐬌𐬵𐬌𐬀𐬐 (*kârdihgân*), chap. XLIX., § 26, p. 75, l. 13, *n.*, 'agricultural peasants', 'ખેડુત.' Cf. Pers. کار 'agriculture,' 'tillage', and دهگان 'a peasant'.

𐬑𐬀𐬵𐬀𐬭𐬌𐬵 (*kastârîh*), chap. XXXV., § 3, p. 16, l. 11, *n.*, 'perversion', 'આડાપણું.' Cf. Pers. کست 'base', 'perverse.'

𐬵𐬎𐬵 (*tôsht*), chap. XXXV., § 17, p. 19, l. 13, *adj.*, 'spading', 'કોડાળીથી ખોડવા જેવું.' Pahl. *tôsht* 'a spade,' 'a hoe'. (see Pahlavi-Pazand Glossary).

𐬞𐬀𐬌 (*nisang*), chap. XLVI., § 7, p. 60, l. 7, *adj.*, 'condensed', 'ઠૂંઠું કરેલું.' Av. ·𐬞𐬀𐬌 and ·𐬞𐬀𐬌𐬌

𐬐𐬀𐬎𐬎𐬀𐬵𐬀𐬌 (*padvâkhtan*), chap. XXXII., § 12, p. 4, l. 1, *v.*, 'giving an elevated position,' 'ઉંચી જગો આપવી.' Cf. Pers. پدواز 'a perch', 'a roost.'

𐬐𐬀𐬵𐬱𐬌𐬀𐬎𐬎 (*pafshirêd*), chap. XXXII., § 13, p. 4., l. 6, *v.*, 'totters,' 'ડગમગે છે.' Cf. Pers. فشردن

𐬐𐬀𐬎𐬎 (*padvâz*), chap. XLIX., § 11, p. 71, l. 1, *n.*, 'commanding power', 'હુકમ આપવાની શક્તિ.' Cf. Av. ·𐬐𐬀𐬎, Sans. तुष्, 'to be contented'; or Av. ·𐬐𐬀𐬎𐬎 and واژ, Sans. वज् 'to be strong'; i.e., 'influence', 'commanding power'.

𐬨𐬀𐬵𐬀𐬥𐬀 (*mûtrishn*), chap. XXXVIII., § 15, p. 31, l. 5, *n.*, 'urine', 'પિશાબ.' 'ગંદકી.' Av. ·𐬨𐬀𐬵𐬀𐬥 'urine', 'filth'.

𐬨𐬀𐬵𐬀 (*mûlâê*), chap. XXXV., § 9, p. 18, l. 6, *n.*, 'salt', 'નીમક.' Comp. Pahl. mîlâê, 'salt'.

𐬬𐬀𐬥 (*yông*), chap., L., § 10, p. 81, l. 9, *n.*, 'mouth' 'મ્હોડું' Cf. Av. ·𐬬𐬀𐬥, Sans. आस्य, and Av. 𐬬𐬀𐬥𐬌.

𐬨𐬀𐬴𐬥𐬀 (*lakhmâ*), chap. XXXV., § 9, p. 18, l. 6, *n.*, 'bread,' 'રોટલી.' Cf. Arabic لحم 'bread'.

𐬰𐬀𐬑𐬀𐬴𐬌𐬀𐬥𐬌 (*shiklinênd*), chap. XL., § 13, p. 40, l. 9, *v.*, 'halter', 'ફાંસો આપે છે.' Cf. Pers. شکل 'a halter.'